# BUL

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **Child Development Project Officer (Female), General State Service, Women and Child Development Department (Special Recruitment-PwD-First Attempt) Class-2** |
| **Advertisement No.** | **26/2025-26** |
| **Preliminary Test Held On** | **23-06-2026** |
| **Que. No** | **001-200** |
| **Publish Date** | **29-06-2026** |
| **Last Date to Send Suggestion (s)** | **03-07-2026 (Till 04:00 PM)** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 30-06-2026; 11:00 AM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) Candidates have to pay fees of Rs.100/- for each objection. The fees can be paid from the link given herewith.

(2) The Candidate will be able to submit objection only after payment of the fees. The generation of the receipt will only be considered as final submission.

(3) The Candidate must retain the receipt of the payment of the fees. The fees, once paid, will not be refunded under any circumstances.

(4) All the objections should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through any other means will not be considered.

(5) All objections are to be submitted with reference to the Master Question Paper published with provisional answer key, published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question No. & options of the Master Question Paper. Objections regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(6) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted objections are differed.

(7) Supportive document to the objection must be uploaded, without which objection will not be considered.

(8) Objections must be supported by authentic references or documentary evidence. Objections based solely on AI, GPT, or similar tools without supporting evidence shall not be considered. For calculation-based, mathematical, statistical, or reasoning questions, candidates shall provide the relevant calculation, methodology, or logical basis in support of the objection.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે દરેક વાંધા દીઠ રૂપિયા ૧૦૦/-ફી ભરવાની રહેશે. જે ફી આ સાથે આપેલ લીંક ઉપરથી ભરી શકાશે.

(2) ફી ભર્યા બાદ જ વાંધો સબમીટ થઈ શક્શે. ફી ભર્યાની આખરી પહોંચ જ આખરી સબમીશન ગણાશે.

(3) ફી ભર્યાની પહોંચ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે. એક વાર ભરેલ ફી કોઈ પણ પરિસ્થિતિમાં પરત આપવામાં આવશે નહિ.

(4) વાંધા ફક્ત **ઓનલાઈન ઓબ્જેકશન સબમીશન સીસ્ટમ** દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલ કે અન્ય કોઈ રીતે આયોગને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(5) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી(માસ્ટર પ્રશ્નપત્ર) ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

(6) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાવ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા ધ્યાને લેવાશે નહીં.

(7) વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

(8) વાંધો પ્રમાણભૂત અને અધિકૃત સંદર્ભો અથવા દસ્તાવેજી પુરાવાથી સમર્થિત હોવો આવશ્યક છે. માત્ર AI, GPT અથવા સમાન સાધનો દ્વારા જનરેટ કરાયેલ અને આધારભૂત પુરાવા વિનાના વાંધાઓની વિચારણા કરવામાં આવશે નહીં. ગણતરી આધારિત, ગાણિતિક, આંકડાશાસ્ત્રીય અથવા તાર્કિક પ્રશ્નોના કિસ્સામાં ઉમેદવારે સબંધિત ગણતરી, પદ્ધતિ અથવા તાર્કિક આધાર રજૂ કરવાનો રહેશે.

Website link for online objection submission system: https://www.formonline.co.in/GPSC_TRACK/SearchPage.aspx

1. નિરીક્ષણ દ્વારા નવજાત બાળક નબળું છે કે નહીં તેનું મૂલ્યાંકન કરી શકાય;

   1. જો જન્મ સમયે બાળકનું વજન 2 કિલો અથવા તેથી ઓછું હોય
   2. જો બાળકનો માથાનો પરિઘ 33 થી 35 સેન્ટીમીટર હોય તો
   3. જો બાળક જન્મથી જ યોગ્ય રીતે સ્તનપાન કરવામાં અસમર્થ હોય તો
   4. જો ગર્ભાવસ્થાના 8.5 મહિના પહેલાં બાળકનો જન્મ થાય છે

   નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.
   A. 1, 2, 4
   B. 1, 3, 4
   C. 1, 2, 3
   D. 1, 3, 4

2. એક સગર્ભા બહેન નોકરી કરે છે અને નિયમિત ટિફિનમાં રોટલી-શાક અને નાસ્તામાં માત્ર 'મમરા' લઈ જાય છે. 'નર્ચરિંગ કેર' ના પૂરતા પોષણ (Adequate Nutrition) ના સિદ્ધાંત મુજબ, બહેન અને તેમના ગર્ભસ્થ બાળકના સ્વાસ્થ્ય માટે નીચેનામાંથી કયા ફેરફારો કરવા અત્યંત આવશ્યક છે?

   1. ટિફિનમાં રોટલી-શાક સાથે પ્રોટીન માટે કઠોળ (દાળ, ચણા, મગ) અથવા દહીં/પનીર ઉમેરવું.
   2. નાસ્તામાં માત્ર મમરા (જેમાં પોષક તત્વો ઓછા છે) ને બદલે ફળ, સૂકો મેવો (Dry Fruits) અથવા શેકેલા ચણા લેવા.
   3. કામનું ભારણ રહેતું હોય તો ભોજનનો સમય લંબાવી શકાય, કારણ કે કામ પૂરું કરવું એ વ્યાવસાયિક નૈતિકતા છે.
   4. આહારમાં 'વિવિધતા' (Dietary Diversity) રાખવી જેથી બાળકને લોહતત્ત્વ (Iron), કેલ્શિયમ અને અન્ય સૂક્ષ્મ પોષકતત્વો મળી રહે.
   5. દિવસ દરમિયાન પૂરતા પ્રમાણમાં પાણી પીવું અને લાંબો સમય ભૂખ્યા ન રહેવું.

   નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.
   A. 1, 2, 3, 4
   B. 1, 2, 4, 5
   C. 1, 2, 3, 4
   D. 1, 3, 4, 5

3. નીચેનામાંથી કયા અવયવને પેલેગ્રા (Pellagra)માં અસર થતી નથી?
   A. મૂત્રપિંડ (Kidney)
   B. ચામડી, પાચન તંત્ર
   C. ચેતાતંત્ર (Nervous System)
   D. ફેફસાં અને યકૃત

4. કોઈ વ્યક્તિનું BMI 25.00 - 29.99 કિગ્રા/મી² છે. BMIના વર્ગીકરણ મુજબ તેનો કયા જૂથમાં સમાવેશ થાય?
   A. અંડરવેઈટ
   B. નોર્મલ
   C. પ્રી-ઓબેસ (Pre-obese)
   D. ઓબેસ વર્ગ-1

5. નીચેના પૈકી કયા નિવેદનો “રમત આધારિત શિક્ષણ (Play-based Learning)” ના મૂળભૂત સિદ્ધાંતો સાથે સુસંગત છે?
   1. રમત દ્વારા બાળકો સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસાવે છે.
   2. રમત મનોરંજન છે આથી બાળક ખુશ રહેશે પરંતુ તેનો અધ્યયન નિષ્પત્તિઓ સાથે કોઈ સંબંધ નથી.
   3. રમત સામાજિક અને ભાષાકીય વિકાસમાં મદદરૂપ થાય છે.
   4. ECCE માં રમત structured pedagogy નો ભાગ બની શકે છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1, 3 અને 4

B. ફક્ત 1, 2 અને 4

C. ફક્ત 2 અને 4

D. ઉપરોક્ત બધા

6. નીચેના પૈકી કયું લક્ષણ બાળકોમાં થતાં સુકતાન (Rickets) રોગનું નથી?

A. પગ ધનુષ આકારના થઈ જવા

B. પાંસળીઓમાં મણકા જેવા સોજા

C. કાંડા અને ઘૂંટીના સાંધાનું પહોળું થવું

D. સિકલ સેલ

7. નીચેનામાંથી કયા વિધાનો સંપૂર્ણ રીતે સાચા છે?

1. દૂધ એ લોહતત્વનો ઉત્તમ સ્ત્રોત છે.
2. લોહતત્વનું અવશોષણ ફેરસ સ્વરૂપમાં થાય છે.
3. એસ્કોરબીક એસિડ લોહતત્વના અવશોષણમાં મદદરૂપ થાય છે.
4. શાકભાજીમાં હીમ અને નોન હીમ બંને પ્રકારના લોહતત્વ હોય છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.

A. ફક્ત 1 અને 4

B. ફક્ત 1 અને 2

C. ફક્ત 2 અને 4

D. ફક્ત 2 અને 3

8. નીચેનામાંથી શેની ઉણપના કારણે મેગાલોબ્લાસ્ટીક એનીમીયા (Megaloblastic Anemia) થાય છે?

1. ફોલેટ (બી-9)
2. લોહતત્વ
3. વિટામીન બી-12
4. એસ્કોરબીક એસિડ

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.

A. ફક્ત 2 અને 3

B. ફક્ત 2 અને 4

C. ફક્ત 1 અને 3

D. ફક્ત 1 અને 2

9. નાયાસીન (Niacin)નું પૂર્વ સ્વરૂપ (Precursor) કયું છે?

A. ઓમેગા 3 ફેટી એસિડ

B. ટ્રીપ્ટોફેન (Tryptophan)

C. અરજીનીન

D. રાઈબોફ્લેવીન

10. ઉંમર મુજબ બાળકના વજનની ચકાસણી માટે નીચે આપેલ સાચા સમયગાળા સાથે જોડો.

| | | | |
|---|---|---|---|
| 1 | 1 મહિના થી 3 વર્ષ | અ | દર ત્રણ મહિનાએ (Quarterly) |
| 2 | 3 થી 5 વર્ષ | બ | દર અઠવાડિયે (Weekly) |

| | | | |
|---|---|---|---|
| નીકે | જન્મથી 1 મહિના સુધી | ક | દર મહિને એક વાર (Monthly) |
| ચે | | ડ | દર પખવાડિયે (Fortnightly) |

ના

વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.

A. 1 – ક, 2 – બ, 3- ડ

B. 1 – ડ, 2 – અ, 3- બ

C. 1 – બ, 2 – ડ, 3- અ

D. 1 – ક, 2 – અ, 3- બ

11. બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં કુપોષણ ઘટાડવા માટે નીચેનામાંથી કયા ઉપાયો કરવા જોઈએ?

1. 6 મહિના પછી માતાના દૂધ સાથે પૂરક આહાર યોગ્ય પ્રમાણમાં આપવો
2. બાળકને જન્મના 3 મહિના પછી Micronutrients આપવા
3. જન્મ પછી વહેલી તકે સ્તનપાન શરૂ કરવું,
4. 6 મહિના સુધી માત્ર માતાનું દૂધ આપવું

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.

A. ફક્ત 1, 2 અને 4

B. ફક્ત 2 અને 3

C. ફક્ત 1 અને 3

D. ફક્ત 1, 3 અને 4

12. ગુજરાત રાજ્યમાં થયેલ નેશનલ ફેમીલી હેલ્થ સર્વે NFHS-4 (2015-16) અને NFHS-5 (2019-21) અનુસાર 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સ્ટન્ટેડ (ઉંમર મુજબ ઓછી ઊંચાઈ ધરાવતા) ડેટા માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

A. NHFS-4માં 38.5% સ્ટન્ટેડ બાળકો હતા જે NHFS-5માં 39% થયા

B. NHFS-4માં 38.5% સ્ટન્ટેડ બાળકો હતા જે NHFS-5માં 25.5% થયા

C. NHFS-4 અને NHFS-5માં સ્ટન્ટેડ બાળકોની ટકાવારી સમાન રહી

D. NHFS-4માં 39% સ્ટન્ટેડ બાળકો હતા જે NHFS-5માં 38.5% થયા

13. આહાર પિરામિડ (Food Pyramid) મુજબ, ફાયદાકારકતાના (પિરામિડના નીચેથી ઉપર તરફના) દ્રષ્ટિકોણથી નીચેના જૂથોને યોગ્ય ક્રમમાં ગોઠવો.

1. શાકભાજી અને ફળો
2. અનાજ અને તેની બનાવટો
3. પ્રોટીનયુક્ત આહાર
4. ખાંડ અને મીઠું
5. ચરબી અને તેલ

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.

A. 1 → 2 → 5 → 3 → 4

B. 1 → 2 → 3 → 5 → 4

C. 2 → 1 → 4 → 3 → 5

D. 2 → 1 → 3 → 5 → 4

14. એમાયલેઝ યુક્ત પૂરક આહાર (ARF) બનાવવા માટે નીચેના પૈકી કઈ પદ્ધતિ વપરાય છે?

A. અંકુરિત (Malting)

B. પ્રેશર કુકિંગ (Pressure Cooking)

C. આથો લાવીને (Fermentation)

D. ઉકાળીને (Blanching)

15. બાળકોમાં પ્રોટીન-ઊર્જા કુપોષણ (PEM) ના કારણે નીચેનામાંથી કયા રોગ થાય છે?

1. મેરાસ્મસ
2. સ્કર્વી
3. પાંડુરોગ
4. ક્વાશિયોર્કર

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.

A. ફક્ત 1 અને 2
B. ફક્ત 1 અને 3
C. ફક્ત 1 અને 4
D. ફક્ત 2 અને 4

16. તેઓ “અનાથોની મા” તરીકે સમગ્ર ભારતમાં જાણીતા બન્યા. ગર્ભાવસ્થા દરમિયાન જ તેમના પતિએ તેમને ઘરેથી કાઢી મૂકયા. તેમણે એક ગાયના તબેલામાં પોતાની દીકરીને જન્મ આપ્યો. રાત્રે સુરક્ષા માટે તેઓ ક્યારેક સ્મશાનમાં પણ સૂતા હતા. રેલવે સ્ટેશન અને રસ્તાઓ પર રહેતા અનાથ અને ત્યજાયેલા બાળકોને જોઈને તેમના જીવનને નવો હેતુ મળ્યો. તેમણે નક્કી કર્યું કે તેઓ આવા બાળકોની સંભાળ લેશે. શરૂઆતમાં તેઓ ભીખ માંગીને બાળકોને ખવડાવતા હતા. બાદમાં તેમણે હજારો અનાથ બાળકોને આશરો, શિક્ષણ અને પ્રેમ આપ્યો. તેમણે અનેક અનાથાશ્રમો અને બાળસંરક્ષણ સંસ્થાઓ શરૂ કરી. તેમના જીવનકાળ દરમિયાન તેમણે 1,500થી વધુ અનાથ બાળકોનું પાલન-પોષણ કર્યું. તેમના કાર્ય બદલ તેમને પદ્મશ્રી સહિત અનેક સન્માનો મળ્યા. તેઓ નીચેના વિકલ્પોમાંથી કોણ હતા?

A. તુલસી ગોવડા
B. મુક્તાબેન ડગલી
C. કે. ચેલ્લામલ
D. સીન્ધુતાઈ સપકાલ

17. ફળોને પકવવા માટે કયો ગેસ વપરાય છે?

A. સલ્ફાઈડ (Sulfide)
B. મીથેન (Methane)
C. કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$)
D. ઈથિલીન (Ethylene)

18. ICDS યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી હતી?

A. 1974
B. 1975
C. 1984
D. 1985

19. ડોકોસાહેક્સાઓનિક એસિડ (DHA) બાળકના કયા અંગોના વિકાસ માટે આવશ્યક છે ?

1. મગજના કોષોના પડ (Membranes) ની રચના
2. પિત્તાશયના કોષોના પડની રચના
3. જઠરના આંતરિક કોષોની રચના
4. આંખની દ્રષ્ટિ રચના

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.

A. ફક્ત 1, 2 અને 3
B. ફક્ત 1 અને 4
C. ફક્ત 2 અને 3
D. ફક્ત 2, 3 અને 4

20. એક ઓફિસર તરીકે તમે જોયું કે એક ખેડૂત પરિવાર બધી પૌષ્ટિક શાકભાજી બજારમાં વેચી દે છે અને પોતાના 3 વર્ષના બાળકને માત્ર ભાત અને ખાંડ ખવડાવે છે. અહીં તમારી 'Critical' સલાહ શું હોવી જોઈએ?

A. ખેડૂતને સલાહ આપવી કે બાળકને પેટ ભરાય એટલો ભાત અને ખાંડ આપવા પૂરતો છે, કારણ કે નાના બાળકોને વધુ પોષક તત્ત્વોની જરૂર નથી.
B. ખેડૂતને સમજાવવું કે બજારમાં વધુ નફો મેળવવો સૌથી મહત્વનો છે, બાળક માટે પૌષ્ટિક આહાર જરૂર પડે પછીથી પણ ખરીદી શકાય.
C. ખેડૂતને સમજાવવું કે બાળકને માત્ર દૂધ આપવાથી બધા પોષક તત્ત્વો મળી જાય છે, તેથી શાકભાજી ખવડાવવાની જરૂર નથી.
D. ખેડૂતને સમજાવવું કે બજારના નફા કરતા બાળકના "આહારની વિવિધતા" (Dietary Diversity) વધુ કિંમતી છે.

21. બાળકોમાં વિવિધ વિટામીનની ઉણપથી થતાં રોગો માટેના જોડકા તપાસો.
1. વિટામીન B6 – લોહીની ઉણપ (Anaemia)
2. વિટામીન A – સ્કર્વી (Scurvy)
3. વિટામીન B1 – બેરી બેરી (Beri Beri)
4. વિટામીન C – ઘેંઘરિયો (Goiter)
5. વિટામીન K – રતાંધળાપણુ (Night)

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.
A. ફક્ત 1 અને 3
B. ફક્ત 2 અને 4
C. ફક્ત 2 અને 5
D. ફક્ત 4 અને 5

22. કાર્યક્રમ આયોજક (Program Planner) 0 થી 3 વર્ષના બાળકોની માતાઓ માટે કાઉન્સેલિંગ કરે છો. તે માતાના પોતાના પોષણ પર ધ્યાન આપે છે, પરંતુ બાળકને સ્તનપાન અને 6 મહિના પછી અપાતા "ઉપરી આહાર" વિશે કોઈ માહિતી આપતા નથી. આ વ્યૂહાત્મક ભૂલથી કયું ગંભીર પરિણામ આવી શકે છે?
A. માતા સ્વસ્થ રહેશે અને બાળકને આપમેળે પૂરતું પોષણ મળી જશે, તેથી કોઈ ખાસ અસર નહીં થાય.
B. બાળક માત્ર દૂધ પર જ સારી રીતે વિકસશે, તેથી 6 મહિના પછીના ઉપરી આહાર વિશે માહિતી આપવાની જરૂર નથી.
C. માતાઓને ઉપરી આહાર વિષે જાણકારી હોય જ છે આથી તે બાબતે માહિતી ના પણ મળે તો બાળકના વિકાસ પર તેની લાંબા ગાળાની કોઈ ખાસ અસર નહીં થાય.
D. માતા પોતે સ્વસ્થ થશે પણ તેનું બાળક કુપોષણનો શિકાર બની શકે છે જો માતાને ખબર જ નથી કે 6 મહિના પછી બાળકની વધતી જરૂરિયાત મુજબ તેને કયો અને કેટલો આહાર જોઈએ.

23. એક અર્બન પ્લાનર 'સ્માર્ટ સિટી' પ્રોજેક્ટમાં ગરીબો માટે આવાસ બનાવી રહ્યા છે. જો બજેટ બચાવવા માટે બાળકોના 'સલામત રમતના વિસ્તાર' (Safe Play Area) ને બદલે ત્યાં પાર્કિંગ બનાવવાય છે, તો 'નર્ચરિંગ કેર' ના સિદ્ધાંત પ્રમાણે નીચેમાંથી કયુ વિધાન સૌથી વધુ મહત્વનું છે?
A. ટ્રાફિક વ્યવસ્થાને અનુકૂળ જગ્યા ઉપ્લબ્ધ થશે, જેથી ત્યાં રહેતા લોકોમાં ઝઘડા ઓછા થવાથી બાળકો પ્રેમાળ બનશે.
B. મર્યાદિત જગ્યાને કારણે બાળકોમાં 'ટોક્સિક સ્ટ્રેસ' (Toxic Stress) વધશે, જે મગજના કોષોના જોડાણની વિકાસ માટે જરૂરી પ્રક્રિયા કાયમી ધોરણે નષ્ટ થવાની શક્યતા વધારશે.
C. રમત ગમતનો સમય ઓછો થવાથી બાળકો વધુ ધ્યાન અભ્યાસમાં આપતા થશે.
D. બાળકોને રમવાની જગ્યા ન મળવાથી બપોરે કે સાંજે કોઇ પણ પ્રકારનો ઘોંઘાટ થશે નહીં અને ત્યાના બાળકો શાંતિમય વાતાવરણમાં ઉછરશે તો તે પણ શાંતિપૂર્ણ વર્તણુક શીખશે.

24. કામ કરતી ધાત્રી સ્ત્રીઓને કાર્યસ્થળ પર "ક્રેશ" (Creche)ની સુવિધા ઉપલબ્ધ ના થાય તો બાળકના "જીવન-ચક્ર" (Life-cycle) પર સૌથી વધુ ગંભીર કઈ અસર થઇ શકે છે?

A. બાળકો ધીમે ધીમે વધુ સ્વતંત્ર બનશે અને માતા પરની તેમની નિર્ભરતા ઘટશે, તેથી બાળકના વિકાસ પર સકારાત્મક અસર પડશે.

B. માતા વધુ સમય કામ કરી શકશે, તેથી પરિવારની આવક વધવાથી બાળકના પોષણ પર કોઈ નકારાત્મક અસર નહીં થાય.

C બાળક દિવસ દરમિયાન ઓછું રમશે, જેના કારણે માત્ર તેની શારીરિક સક્રિયતા પર થોડો પ્રભાવ પડશે, પરંતુ સ્વાસ્થ્ય પર ગંભીર અસર નહીં થાય.

D. સ્તનપાનમાં ખલેલ પડવાથી બાળકની રોગપ્રતિકારક શક્તિ ઘટશે અને "નર્સિંગ કેર"ના "સ્વાસ્થ્ય અને પોષણ"ના સ્તંભો ધરાશાયી થશે.

25. પોલીસ કોઈ કેસમાં ગર્ભવતી મહિલાનું નિવેદન લેતી વખતે જો તેને લાંબો સમય ઊભા રાખે છે અથવા કડક ભાષાનો ઉપયોગ કરે છે, તો તે અજાણતા કયા "જીવવૈજ્ઞાનિક" (Biological) જોખમને નોંતરી શકે છે?

A. ગર્ભવતી મહિલાને થોડો થાક લાગશે, પરંતુ તેનાથી ગર્ભસ્થ શિશુના વિકાસ પર કોઈ ખાસ અસર નહીં થાય.

B. માતામાં તીવ્ર માનસિક તણાવ પેદા થવાથી ગર્ભસ્થ શિશુના મગજના કોષોના વિકાસમાં કાયમી અવરોધ આવી શકે છે અથવા "સમય પૂર્વે જન્મ"નું જોખમ વધી શકે છે.

C. માતામાં ભય અને અસ્વસ્થતા વધવાથી તેની ઊંઘ અને ભૂખ પર અસર થઈ શકે છે, જેના કારણે ગર્ભસ્થ બાળક પણ થોડો સમય અસ્વસ્થતા અનુભવી શકે છે.

D. માતાનો બ્લડ પ્રેશર થોડા સમય માટે વધી શકે, પરંતુ ગર્ભસ્થ બાળક કુદરતી રીતે આવા તણાવને સહન કરી લે છે.

26. પોષણ (POSHAN ) અભિયાન અંગે નીચેના નિવેદનો વિચારો:

1. પોષણ (POSHAN ) અભિયાન નો મુખ્ય હેતુ સ્ટન્ટિંગ અને અન્ડરવેઈટ ઘટાડવો છે.
2. POSHAN Tracker ડેટા આધારિત મોનિટરિંગ માટે ઉપયોગી છે.
3. POSHAN Abhiyaan માત્ર ગ્રામિણ વિસ્તારો માટે મર્યાદિત છે.
4. આ અભિયાનમાં વિવિધ વિભાગો વચ્ચે સમન્વયનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.

A. માત્ર 1, 2 અને 4

B. માત્ર 1 અને 2

C. માત્ર 2, 3અને 4

D. ઉપરોક્ત બધા

27. પ્રથમ 1000 દિવસ અંગે નીચેના નિવેદનો વિચારો:

1. આ સમયગાળો ગર્ભાવસ્થા થી બાળકના 2 વર્ષ સુધીનો છે.
2. મગજ વિકાસ પર આ સમયગાળાનો અસરકારક પ્રભાવ છે.
3. આ સમયગાળા પછી પોષણનો કોઈ ખાસ અસર રહેતી નથી.
4. આ સમયગાળામાં પોષણ હસ્તક્ષેપ પ્રાથમિકતા છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.

A. માત્ર 1 અને 2

B. માત્ર 1, 2 અને 4

C. માત્ર 2 અને 3

D. ઉપરોક્ત બધા

28. એક જિલ્લા અધિકારી નોંધે છે કે આંગણવાડી કેન્દ્રોમાં હાજરી સારી છે, પરંતુ ઘર મુલાકાતો ખૂબ ઓછી થાય છે. નીચેના પૈકી કયું નિવેદન સૌથી વધુ યોગ્ય છે?

A. ઘર મુલાકાતો વિના માતા-બાળકની વાસ્તવિક સ્થિતિ, ખોરાકની ટેવો અને જોખમી પરિબળો સમજવા મુશ્કેલ બનશે.
B. આંગણવાડી સેવાઓ કેન્દ્ર સુધી મર્યાદિત હોય તો પણ પૂરતી ગણાય.
C. ઘર મુલાકાતોનો કુપોષણ નિયંત્રણ સાથે કોઈ સંબંધ નથી.
D. આંગણવાડી કેન્દ્રોમાં હાજરી સારી છે, તો ઘર મુલાકાત માત્ર ગંભીર કુપોષિત બાળકો માટે થશે તો ચાલશે.

29. એક પ્રી-સ્કૂલ શિક્ષિકા બાળકોને દરરોજ અક્ષર (alphabet) અને સંખ્યા (numbers) લખાવે છે, પરંતુ રમતો, ચર્ચા, વાર્તા અને કલ્પનાત્મક પ્રવૃત્તિઓ માટે સમય આપતી નથી. NEP 2020 ના અભિગમ મુજબ આ સ્થિતિનું સૌથી યોગ્ય મૂલ્યાંકન કયું છે?
A. બાળક વહેલું લખતા શીખશે એટલે આ યોગ્ય ECCE મોડેલ ગણાય.
B. પ્રી-સ્કૂલમાં લેખન કૌશલ્ય ખુબ મહત્વપૂર્ણ છે.
C. શરૂઆતના વર્ષોમાં ગોખણ આધારિત અભિગમ બાળકના સર્વાંગી વિકાસને મર્યાદિત કરી શકે છે..
D. રમત આધારિત શિક્ષણનો શૈક્ષણિક વુદ્ધિ સાથે કોઈ સંબંધ નથી.

30. પુખ્ત વયની સ્ત્રીના લોહીમાં હિમોગ્લોબીનની આદર્શ માત્રા (HB Level g/dL) કેટલી હોવી જોઈએ?
A. 10.00 - 12.5 ગ્રામ
B. 12.00 - 16 ગ્રામ
C. 13.5 - 16.00 ગ્રામ
D. 12.00 - 14.5 ગ્રામ

31 . નીચેના નિવેદનો પૈકી કયું Universal Immunization Programme (UIP) સાથે સુસંગત છે?
1. BCG રસી જન્મ પછી શક્ય તેટલી વહેલી આપવી જોઈએ.
2. OPV પોલિયો સામે મ્યુકોઝલ ઈમ્યુનિટી વિકસાવવામાં મદદ કરે છે.
3. Measles-Rubella vaccine માત્ર 10 વર્ષથી ઉપરના બાળકો માટે છે.
4. Pentavalent vaccine પાંચ અલગ ચેપજન્ય રોગો સામે રક્ષણ આપે છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1 અને 2
B. ફક્ત 2 અને 3
C. ફક્ત 1, 2 અને 4
D. ઉપરોક્ત બધા

32. એક આંગણવાડી કેન્દ્રમાં તમામ રેકોર્ડ સમયસર ભરાય છે, પરંતુ માતાઓને પૂરક આહાર (Complementary Feeding) વિશે યોગ્ય સમજ નથી. આ સ્થિતિમાં નીચેનામાંથી કયું વાક્ય શાસકીય દૃષ્ટિકોણને સુસંગત છે?
A. યોગ્ય દસ્તાવેજીકરણ (Documentation) હોવાથી કાર્યક્રમ સફળ માનવો જોઈએ.
B. રેકોર્ડ એ પ્રયત્નોના પુરાવા ગણી શકાય, પરંતુ નબળી પરિણામલક્ષી સેવા સુધારવા પર ધ્યાન આપવું અનિવાર્ય છે.
C. પ્રયત્નોના પુરાવા હોઈ અગત્યની બાબતોની જાણકારી ના હોવી એ માતાની સમજશક્તિની ખામી દર્શાવે છે, આંગણવાડી કેન્દ્ર જવાબદાર નથી.
D. રીપોર્ટીંગ ICDS નો અગત્યનો ભાગ છે. જ્યારે માતાઓના વ્યવહારમાં પરિવર્તન ના થાય તે અવગણી શકાય.

33. કિન્ડરગાર્ટન શિક્ષણ (Kindergarten Education)માં નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ સૌથી વધુ ભાષા વિકાસ (Language Development) સાથે સંબંધિત છે?
A. બ્લોક બિલ્ડિંગ (Block Building)
B. વાર્તા કહેવી અને ગીતો (Storytelling and Rhymes)
C. લેખન કાર્ય થકી (Through Writing Tasks)
D. શારીરિક કસરત (Physical Exercise)

34. નીચેના પૈકી તરુણાવસ્થા (Adolescence) દરમિયાન બાલિકાઓમાં થતી રક્તઅલ્પતા (Anemia) અંગે કયું નિવેદન યોગ્ય છે?

1. આયર્નની અછત (Iron Deficiency) તરુણ બાલિકાઓમાં સામાન્ય સમસ્યા છે.
2. રક્તાલ્પતા (Anemia) એકાગ્રતા (Concentration) અને શૈક્ષણિક પ્રદર્શન (Academic Performance) પર અસર કરી શકે છે.
3. માત્ર દૂધ (Milk) રક્તાલ્પતા અટકાવવા પૂરતું છે.
4. આયર્ન-ફોલિક એસિડ ગોળીઓ (Iron-Folic Acid Tablets) રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમમાં આપવામાં આવે છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1, 3 અને 4
B. ફક્ત 1, 2 અને 3
C. ફક્ત 1, 2 અને 4
D. ઉપરોક્ત બધા

35. નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ બાળકોમાં સૂક્ષ્મ ગતિ કૌશલ્ય (Fine Motor Skills) વિકસાવવામાં સૌથી વધુ મદદરૂપ છે?

A. ચાલવું અને દોડવું (Walking and Running)
B. દોરડા કુદવા (String Jumping)
C. કાગળ કાપવું અને રંગ ભરવું (Paper Cutting and Coloring)
D. લાંબી અને ઉંચી કૂદ (Long and High Jump)

36. નીચેના નિવેદનો પૈકી પૂર્વ-પ્રાથમિક શિક્ષણ (Pre-school Education) અંગે કયું યોગ્ય છે?

1. પૂર્વ-પ્રાથમિક અવસ્થા (Pre-school Age) સામાન્ય રીતે 3–6 વર્ષ સુધી માનવામાં આવે છે.
2. Play-way method cognitive development માટે ઉપયોગી છે.
3. સમાજીકીકરણ (Socialization) એ પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો મહત્વપૂર્ણ ભાગ છે.
4. પૂર્વ-પ્રાથમિક શિક્ષણ માત્ર શૈક્ષણિક અધ્યયન પર આધારિત હોવું જોઈએ.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1, 2 અને 3
B. ફક્ત 2 અને 3
C. ફક્ત 1, 3 અને 4
D. ઉપરોક્ત બધા

37. નીચેના નિવેદનો પૈકી નારી શક્તિ પુરસ્કાર (Nari Shakti Puraskar) અંગે કયું નિવેદન યોગ્ય છે?

1. આ પુરસ્કાર માત્ર ખેલકૂદ (Sports) ક્ષેત્રના પ્રદાનને બિરદાવવા પુરતું મર્યાદિત છે.
2. આ પુરસ્કાર મહિલા સશક્તિકરણ ક્ષેત્રે ઉત્તમ કાર્ય માટે આપવામાં આવે છે.
3. આ પુરસ્કાર મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા આપવામાં આવે છે.
4. ગ્રામ્ય મહિલાઓના કલ્યાણ (Rural Women Welfare) અને સુરક્ષા (Safety) માટેના કાર્યને પણ માન્યતા આપવામાં આવે છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1, 2 અને 3
B. ફક્ત 2, 3 અને 4
C. ફક્ત 1, 3 અને 4
D. ઉપરોક્ત બધા

38. નીચેના નિવેદનો પૈકી રાષ્ટ્રીય બાળ કલ્યાણ પુરસ્કાર (National Child Welfare Award) અંગે કયા નિવેદનો યોગ્ય છે?

1. આ પુરસ્કાર બાળ કલ્યાણ (Child Welfare) ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન માટે આપવામાં આવે છે.
2. Child Protection અને rehabilitation સેવાઓને પણ માન્યતા આપવામાં આવે છે.
3. પુરસ્કાર માત્ર સરકારી કર્મચારીઓ દ્વારા બાળ કલ્યાણ ક્ષેત્રે થયેલા ઉત્કૃષ્ટ પ્રદાનને બિરદાવવા પુરતું જ મર્યાદિત છે.
4. બાળ અધિકાર જાગૃતિ (Child Rights Awareness) માટેના કાર્યને પણ મહત્વ આપવામાં આવે છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1 અને 2
B. ફક્ત 1, 2 અને 3
C. ફક્ત 2, 3 અને 4
D. ફક્ત 1, 2 અને 4

39. નીચેના નિવેદનો પૈકી માતાનું સ્તનપાન (Breast-feeding) અંગે કયું યોગ્ય છે?
1. જન્મ પછીનો પ્રથમ પીળાશવાળો દૂધ (Colostrum) બાળક માટે "પ્રથમ રસી" (First Vaccine) માનવામાં આવે છે.
2. માત્ર માતાના સ્તનપાનની જ પ્રથમ 6 મહિના સુધી ભલામણ કરવામાં આવે છે.
3. માતાનું દૂધ (Breast Milk) બાળકની રોગપ્રતિકારક શક્તિ (Immunity) વધારવામાં મદદરૂપ છે.
4. બાળક માટે ભેંસનું દૂધ માતાના દૂધ કરતાં હંમેશા વધુ ફાયદાકારક હોય છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1 અને 2
B. ફક્ત 1, 2 અને 4
C. ફક્ત 1, 2 અને 3
D. ઉપરોક્ત બધા

40. બાળકોમાં રમત દ્વારા કયા ગુણોનો વિકાસ થાય છે? (યોગ્ય વિકલ્પો પસંદ કરો)
1. સહકારની ભાવના
2. સમસ્યા ઉકેલવાની ક્ષમતા
3. શારીરિક તંદુરસ્તી
4. આક્રમકતા

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. 1, 2, 3
B. 1, 3, 4
C. 2, 3, 4
D. 1, 2, 3, 4

41. ખાદ્ય સુરક્ષા વિષે નીચેના નિવેદનો વિચારો:
1. ખાદ્ય પ્રદૂષણ (Food Contamination) રાસાયણિક, જૈવિક અને ભૌતિક પ્રકારનું હોઈ શકે છે.
2. Salmonella બેક્ટેરિયા ખોરાકજન્ય રોગો (Food-borne Diseases) ફેલાવે છે.
3. ઊંચું તાપમાન હંમેશા ખોરાક બગાડ ઘટાડે છે.

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો:
A. માત્ર 1 અને 2 સાચાં છે
B. માત્ર 2 અને 3 સાચાં છે
C. માત્ર 1 અને 3 સાચાં છે
D. 1, 2 અને 3 ત્રણેય સાચાં છે

42. નિવેદન (X): કુપોષણ બાળકના મૃત્યુદરને વધારી શકે છે.
કારણ (Y):: કુપોષિત બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે.

A. બંને સાચાં અને Y યોગ્ય કારણ છે
B. બંને સાચાં, પરંતુ Y યોગ્ય કારણ નથી
C. X સાચું, Y ખોટું છે
D. બંને ખોટાં

43. નીચે પૈકી કયું નિવેદન ખોટું છે?

A. ડાયેરીયા બાળ મૃત્યુનું મહત્વનું કારણ છે
B. રસીકરણ બાળ મૃત્યુ ઘટાડવામાં મદદરૂપ છે
C. માત્ર જીનેટિક કારણોસર જ બાળ મૃત્યુ થાય છે
D. સ્વચ્છતા બાળ આરોગ્ય માટે મહત્વપૂર્ણ છે

44. બાળકમાં કુપોષણથી ગંભીર આરોગ્ય સમસ્યા સુધીનો યોગ્ય ક્રમ પસંદ કરો:

1. રોગપ્રતિકારક શક્તિ ઘટવી
2. વારંવાર ચેપ લાગવો
3. કુપોષણ
4. બાળમૃત્યુનો જોખમ વધવો

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો:

A. 3 → 1 → 2 → 4
B. 1 → 2 → 3 → 4
C. 2 → 3 → 1 → 4
D. 3 → 2 → 1 → 4

45. "નવજાત મૃત્યુદર (Neonatal Mortality)" નો અર્થ શું થાય?

A. જન્મ પહેલાં ગર્ભમાં મૃત્યુ
B. જન્મ પછી 28 દિવસની અંદર બાળકનું મૃત્યુ
C. જન્મ પછીના 28 દિવસથી 5 વર્ષ સુધીમાં મૃત્યુ
D. જન્મના 5 વર્ષ પછીનું મૃત્યુ

46. નીચેના પૈકી ખાદ્ય સંરક્ષણ (Food Preservation) અંગે કયું યોગ્ય છે?

A. Preservation માત્ર ખોરાકનો સ્વાદ બદલવા માટે થાય છે
B. ઠંડકમાં રાખવું (Refrigeration) અને સૂકવવું (drying) બંને સંરક્ષણ પદ્ધતિઓ છે
C. Preservation થી ખોરાક હંમેશા પોષક તત્વ ગુમાવે છે
D. બગડેલું ખોરાક ફરીથી safe બનાવી શકાય છે

47. નીચેના પૈકી કયા નિવેદનો સાચાં છે?

1. જન્મ સમયનું ઓછું વજન (Low Birth Weight) બાળકમાં મૃત્યુ જોખમ વધારે છે.
2. માત્ર માતાનું સ્તનપાન (Exclusive Breastfeeding) બાળ મૃત્યુ ઘટાડે છે.
3. ઓરી (Measles) નું રસીકરણ જરૂરી નથી.

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો:

A. માત્ર 1 અને 2
B. માત્ર 2 અને 3
C. માત્ર 1 અને 3
D. 1, 2 અને 3

48. નીચે પૈકી કયો પરિબળ “અટકાવી શકાય તેવા બાલમૃત્યુ દર (Preventable Child Mortality)” ઘટાડવામાં સૌથી અસરકારક માનવામાં આવે છે?

A. ફક્ત દવાઓ અને baby kitનો ઉપયોગ
B. માત્ર એમ્બુલન્સ અને હોસ્પિટલ સેવામાં વધારો
C. રસીકરણ, પોષણ અને સ્વચ્છતા
D. ફક્ત શહેરી આરોગ્ય સેવા

49. નીચેના પૈકી ખાદ્ય ઉમેરણો (Food Additives) અંગે કયું યોગ્ય છે?

1. ખાદ્ય ઉમેરણો ક્યારેક ખાદ્યપદાર્થોની shelf life વધારવા માટે વપરાય છે
2. બધા ખાદ્ય ઉમેરણો સંપૂર્ણપણે હાનિકારક હોય છે
3. પ્રીઝરવેટીવ (Preservative) ખોરાક બગાડ અટકાવી શકે છે
4. ખાદ્યપદાર્થોના પેકિંગ પર લેબલીંગ (labelling) ગ્રાહક સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો:

A. ફક્ત 1, 2 અને 4
B. ફક્ત 1, 3 અને 4
C. ફક્ત 1, 2 અને 3
D. ઉપરોક્ત બધા

50. જો કોઈ વિસ્તારમાં Infant Mortality Rate (IMR) ઘટે છે, તો તેનો અર્થ શું થાય?

A. જન્મદર વધ્યો સાથે માતૃત્વ મૃત્યુદર ઘટ્યો
B. એક વર્ષની ઉંમર પહેલાંના બાળકોના મૃત્યુ ઘટ્યા
C. માતૃત્વ મૃત્યુદર વધ્યો પણ એક વર્ષની ઉંમર પહેલાંના બાળકોના મૃત્યુ વધ્યા
D. રસીકરણ બંધ થયું અને સંસ્થાકીય સુવાવડ (Institutional Delivery) ઘટી

51. નીચેની મહિલા અને બાળકોને લગતી યોજનાઓ અને તે યોજનાને શરુ કરવામાં આવેલ વર્ષ સામેના વિકલ્પ સાથે મેળવો.

| | | | |
|---|---|---|---|
| a. | પોષણ અભિયાન | 1. | 2006 |
| b. | મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના | 2. | 2012 |
| c. | કસ્તુરબા પોષણ સહાય યોજના | 3. | 2018 |
| d. | રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજના | 4. | 2022 |

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો:

A. a → 2, b → 4, c → 3, d→ 1
B a → 4, b → 3, c → 2, d→ 1
C. a → 1, b → 4, c → 2, d→ 3
D. a → 3, b → 4, c → 2, d→ 1

52. ગુજરાતમાં કાર્યરત માતા યશોદા ગૌરવ નિધિ યોજના માટે નીચેના વિધાન તપાસો.

1. ફક્ત ગર્ભવતી મહિલાઓને વીમા કવચ પૂરું પાડે છે
2. ફક્ત વિધવા મહિલાઓને વીમા કવચ પૂરું પાડે છે
3. આંગણવાડી કાર્યકર માટે વીમા કવચ પૂરું પાડે છે
4. તેડાગર બહેનો માટે વીમા કવચ પૂરું પડે છે

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો:

A. ફક્ત વિકલ્પ 1 અને વિકલ્પ 2 સાચા છે
B. ફક્ત વિકલ્પ 3 અને વિકલ્પ 4 સાચા છે
C. ફક્ત વિકલ્પ 2 જ સાચો છે
D. ફક્ત વિકલ્પ 3 જ સાચો છે

53. બાળકને રાત્રે ઓછું દેખાવું, આંખ સુકાવી અને વારંવાર ચેપ લાગવાના મુખ્યત્વે લક્ષણો જણાય છે. જે નીચેનામાંથી મુખ્ય કયા વિટામીનની ઉણપ દર્શાવે છે.

A. વિટામીન B1 અને વિટામિન B6
B. વિટામીન C અને વિટામિન K
C. વિટામીન A
D. વિટામીન D

54. ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓને વિટામિન B9 (ફોલિક એસિડ)ની ઉણપથી કઈ કઈ બીમારીઓનું જોખમ થઈ શકે છે?

1. ભ્રુણના પગ વાંકાચુકા અને હાડકા નરમ થવા
2. ભ્રુણમાં ન્યૂરલ ટ્યુબ ડિફેક્ટ થવી
3. માતામાં મેગાલોબ્લાસ્ટિક એનિમીયા થવું
4. ભ્રુણમાં હૃદય અને ચેતાતંત્રની ડિફેક્ટ થવી

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો:

A. વિકલ્પ 2 અને 3 બંને સાચા
B. ફક્ત વિકલ્પ 1 જ સાચો
C. ફક્ત વિકલ્પ 4 જ સાચો
D. વિકલ્પ 1 અને 4 બંને સાચા

55. નીચેનામાંથી કયા મુખ્ય ઈલેક્ટ્રોલાઈટ છે?

1. કેલ્શિયમ
2. સોડિયમ
3. ઝીંક
4. મેગ્નેશિયમ

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.

A. 1, 2, 4
B. 1, 3, 4
C. 1, 2, 3
D. 1, 3, 4

56. એક તાલુકામાં પૂરક પોષણ (complementary feeding) અંગે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. છતાં મોટાભાગની માતાઓ 6 મહિના પછી પણ માત્ર દૂધ જ પૂરતું માને છે. આ સ્થિતિમાં સૌથી યોગ્ય વ્યૂહાત્મક પ્રતિસાદ કયો ગણાય?

A. માત્ર અતિ કુપોષિત બાળકોની માતાઓ સાથે જ પરામર્શ (counselling) જરૂરી છે.
B. માતાઓની લેખિતમાં ખાતરી લેવાથી સમસ્યા ઉકેલાશે.
C. પૂરક આહાર માત્ર શહેરી પરિવારના બાળકો માટે જ જરૂરી છે
D. સામુહિક પરામર્શ, જરૂરી ખોરાકનું પ્રદર્શન અને હોમ વિઝીટ દ્વારા વર્તાણુક પરિવર્તન (behaviour change) પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

57. નીચેમાંથી કઈ યોજના કોઈપણ બાળક પૈસાના અભાવે શિક્ષણથી વંચિત ન રહે અને બાળ મજૂરી તરફ ન ધકેલાય તે માટે ગુજરાત સરકારનું દ્વારા એક મોટું કદમ છે. સંસ્થાકીય દેખરેખ સિવાય જે બાળકો સંબંધીઓ સાથે રહે છે તેમને આત્મનિર્ભર

બનાવવા અને તેમનું બાળપણ સુરક્ષિત કરવા માટે સીધા તેમના બેંક ખાતામાં સહાય પહોંચાડવાની પ્રક્રિયાને 2025-26 માં ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા સો ટકા પારદર્શક બનાવવામાં આવી છે આ યોજના નીચેનામાંથી કઈ યોજના સાથે સંલગ્ન છે

A. મિશન વાત્સલ્ય
B. મિશન ઈન્દ્ર ધનુષ
C. મિશન મમતા
D. મિશન બાલ ગૌરવ

58. “બેટી બચાવો બેટી પઢાવો ” યોજના વિશે નીચેમાંથી કયો વિકલ્પ સાચો છે?

1. આ યોજના 2015 માં ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવી
2. આ યોજનાનો મુખ્ય હેતુ બાળલિંગ ગુણોત્તર (Child Sex Ratio) સુધારવો છે
3. આ યોજના હેઠળ છોકરીઓના શિક્ષણ અને સશક્તિકરણ પર ભાર મૂકવામાં આવે છે

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો:
A. વિકલ્પ 1, 3 અને 4 સાચા છે અને વિકલ્પ 2 ખોટો છે
B. વિકલ્પ 1 અને 4 જ સાચા છે અને વિકલ્પ 2 અને 3 ખોટા છે
C. વિકલ્પ 2, 3 અને 4 સાચા છે અને વિકલ્પ 1 ખોટો છે
D. માત્ર 3 અને 4 વિકલ્પો સાચા છે

59. ગુજરાત સરકારની “વ્હાલી દીકરી યોજના” વિશે નીચેમાંથી કયો વિકલ્પ સાચો છે??

1. આ યોજના માત્ર પ્રથમ દીકરી માટે જ લાગુ પડે છે
2. આ યોજના હેઠળ દીકરીના જન્મ સમયે માતાની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષ હોવી જરૂરી છે
3. આ યોજના હેઠળ દીકરીના શિક્ષણ માટે ત્રણ તબક્કામાં નાણાકીય સહાય આપવામાં આવે છે
4. આ યોજના હેઠળ દીકરીઓના શિક્ષણ અને સશક્તિકરણ પર ભાર મૂકવામાં આવે છે અને દીકરીઓના શાળા છોડવાનો દર ઘટાડવાનો છે

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો:
A. વિકલ્પ 1, 2 અને 3 સાચા છે અને વિકલ્પ 4 ખોટો છે
B. વિકલ્પ 2, 3 અને 4 સાચા છે અને વિકલ્પ 1 ખોટો છે
C. વિકલ્પ 1, 2 અને 4 સાચા છે અને વિકલ્પ 3 ખોટો છે
D. ઉપરોક્ત બધા વિકલ્પો સાચા છે

60. “માતા યશોદા એવોર્ડ ” વિશે નીચેમાંથી કયો વિકલ્પ સાચો છે?

1. આ એવોર્ડ ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને ઉત્તમ કામગીરી બદલ આપવામાં આવે છે
2. આ એવોર્ડ માત્ર આદિજાતિ અને ગ્રામ્ય વિસ્તારના આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને જ આપવામાં આવે છે
3. આ એવોર્ડ રાજ્ય, જિલ્લા અને ઘટક સ્તરે આપવામાં આવે છે
4. આ એવોર્ડનો મુખ્ય હેતુ આંગણવાડી સેવાઓની ગુણવત્તા અને બાળ વિકાસ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવાનો છે

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો:
A. વિકલ્પ 1, 2 અને 3 સાચા છે અને વિકલ્પ 4 ખોટો છે
B. વિકલ્પ 1, 2 અને 4 સાચા છે અને વિકલ્પ 3 ખોટો છે
C. વિકલ્પ 1, 3 અને 4 સાચા છે અને વિકલ્પ 2 ખોટો છે
D. વિકલ્પ 2, 3 અને 4 સાચા છે અને વિકલ્પ 1 ખોટો છે

61. દૂધ સંજીવની યોજના વિશે નીચેમાંથી કયો વિકલ્પ સૌથી વધુ યોગ્ય છે?

1. આ યોજના મુખ્યત્વે આદિજાતિ અને પછાત વિસ્તારોમાં પોષણ સ્તર સુધારવા માટે શરૂ કરવામાં આવી છે
2. આ યોજનાનો લાભ 6 મહિના થી 6 વર્ષ સુધીના આંગણવાડી બાળકોને મળે છે
3. સગર્ભા અને ધાત્રી માતાઓને પણ આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે
4. લાભાર્થીઓને ફોર્ટિફાઈડ છે આવે આપવામાં દૂધ ફ્લેવર્ડ (યુક્ત તત્વોથી ખનિજ અને વિટામિન)

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. વિકલ્પ 1 અને 3 સાચા છે પરંતુ વિકલ્પ 2 અને 4 ખોટા છે
B. વિકલ્પ 1, 2 અને 4 સાચા છે પરંતુ વિકલ્પ 3 ખોટો છે
C. વિકલ્પ 2 અને 4 સાચા છે પરંતુ વિકલ્પ 1 અને 3 ખોટા છે
D. ઉપરોક્ત તમામ

62. નીચેના પૈકી કયા નિવેદનો ICDS યોજનાના સંકલન અભિગમ (Convergence Approach) સાથે સંબંધિત છે?

1. પોષણ માટે મહિલા અને બાળકલ્યાણ વિભાગ અને સ્વાસ્થ્ય વિભાગ વચ્ચે સમન્વય જરૂરી છે.
2. Safe drinking water અને sanitation પણ nutrition outcomes ને અસર કરે છે.
3. ICDS એ સંપૂર્ણપણે સ્વતંત્ર કાર્યક્રમ છે.
4. લોક સહભાગીદારીતા કાર્યક્રમની અસરકારકતા વધારી શકે છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1, 2 અને 4
B. ફક્ત 1, 3 અને 4
C. ફક્ત 2 અને 3
D. ઉપરોક્ત બધા

63. એક CDPO નોંધે છે કે માતાઓ બાળકોને વારંવાર મોબાઈલ આપીને શાંત રાખે છે અને બાળકોના ભાષાકીય વિકાસમાં વિલંબ જોવા મળે છે. આ પરિસ્થિતિનું સૌથી યોગ્ય વિશ્લેષણ નીચેના પૈકી કયું છે?

A. મોબાઈલ બાળકોના જ્ઞાનાત્મક (cognitive) વિકાસ માટે હંમેશા લાભદાયી હોય છે.
B. વધુ પડતું Screen exposure શરૂઆતના ભાષાકીય અને સામાજિક વિકાસને અસર કરી શકે છે.
C. બાળકો માટે માત્ર શૈક્ષણિક વિડીઓ જોતા હોય તો સંભાળકર્તા એ કંઈ કરવાની જરૂર નથી.
D. Screen exposure નો બાળકના behaviour સાથે કોઈ સંબંધ નથી.

64. નીચેના પૈકી કયા નિવેદનો "Growth Monitoring" ના હેતુઓ સાથે વધુ સુસંગત છે?

1. માત્ર વજન નોંધવું ઉપયુક્ત છે
2. જોખમી બાળકોની વહેલી ઓળખ
3. માતા સાથે counselling અને follow-up
4. સમયસર referral services સાથે જોડાણ

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1 અને 2
B. ફક્ત 2, 3 અને 4
C. ફક્ત 1, 3 અને 4
D. બધા

65. નીચેના પૈકી કયા પરિબળો કિશોરીઓમાં એનિમિયાના જોખમને વધારી શકે?

1. લોહતત્ત્વ (આયર્ન) સમૃદ્ધ ખોરાકનો અભાવ
2. વારંવાર ચેપ લાગવો અને કૃમિ (પેટના કીડા)નો ઉપદ્રવ

3. માસિક સ્વચ્છતા અંગે ઓછી જાગૃતિ
4. સંતુલિત અને વૈવિધ્યસભર આહાર (અથવા આહારમાં વિવિધતાનું સંતુલન)

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1, 3 અને 4
B. ફક્ત 2 અને 4
C. ફક્ત 1, 2 અને 3
D. ઉપરોક્ત બધા

66. ગુજરાતની સૌથી પ્રેરણાદાયક સેવાકીય કહાણીઓમાંની એક છે. તેઓ પોતે નેત્રહીન હોવા છતાં હજારો દ્રષ્ટિબાધિત દીકરીઓના જીવનમાં આશાનો પ્રકાશ બન્યા. તેઓએ ત્યજાયેલી અને નેત્રહીન દીકરીઓનું જીવન સુધારવાનો નિર્ધાર કર્યો અને સુરેન્દ્રનગરમાં "પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ" નામની સંસ્થા શરુ કરીને અનેક નેત્રહીન દીકરીઓને રહેવા-જમવા, ભણવાની સુવિધા સાથે આત્મનિર્ભર બનાવી. તેમના અસાધારણ સમાજસેવા કાર્ય બદલ ભારત સરકારે તેમને પદ્મશ્રી (2019) થી સન્માનિત કર્યા.

A. જસવંતીબેન પોપટ
B. મુક્તાબેન ડગલી
C. હોમી વ્યારાવાલા
D. પ્રભાબેન શાહ

67. આંગણવાડી કેન્દ્રમાં પૂર્વ-શાલેય પ્રવૃત્તિઓ દરમિયાન બાળકોને એકસરખી કાર્યપત્રિકા આપવામાં આવે છે. જુદી જુદી ગતિએ શીખતા બાળકો માટે અલગ સહાય ઉપલબ્ધ નથી. આ બાબતે નીચેના પૈકી સૌથી યોગ્ય મૂલ્યાંકન કયું?

A. બધા બાળકો માટે એકસરખું કાર્ય આપવું સમાનતા છે.
B. વિકાસાનુરૂપ શિક્ષણમાં બાળકની તૈયારી, રસ અને ગતિનો વિચાર જરૂરી છે.
C. પૂર્વ- શાલેય શિક્ષણમાં ભિન્નીકૃત (Diversified) અભિગમની જરૂર નથી.
D. આયોજન પ્રમાણે પ્રવૃત્તિઓ પૂર્ણ થવી એ જ ગુણવત્તાનો માપદંડ છે.

68. પૂરક પોષણ કાર્યક્રમ (Supplementary Nutrition Programme (SNP)) અંગે નીચેના નિવેદનો ધ્યાનથી વાંચો:

1. SNP એ ICDS હેઠળ ચાલે છે.
2. તે બાળકો અને માતાઓને પોષણ પૂરું પાડે છે.
3. SNP માત્ર 6–14 વર્ષની ઉંમરના શાળાએ જતા બાળકો માટે છે.
4. તેમાં Take Home Ration (THR) પણ આપવામાં આવે છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. માત્ર 1 અને 2
B. 1, 2 અને 3
C. 1, 2 અને 4
D. ઉપરોક્ત બધા

69. બાળ વિકાસ અંગે નીચેના નિવેદનો વિચારો:

1. શરૂઆતના વર્ષોમાં વિકાસના તમામ ક્ષેત્રો પરસ્પર જોડાયેલા હોય છે.
2. ભાષાકીય અને જ્ઞાનાત્મક વિકાસ માત્ર શાળામાં પ્રવેશ પછી જ શરૂ થાય છે.
3. ભાવનાત્મક સુરક્ષા જ્ઞાનાત્મક વિકાસને અસર કરી શકે છે.
4. રમતો અને સંવાદ વિકાસના સાધન બની શકે છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1, 3 અને 4
B. ફક્ત 1, 2 અને 3
C. ફક્ત 2 અને 4
D. ફક્ત 1 અને 4

70. એક તાલુકામાં કિશોરીઓ માટે આયર્ન ગોળીઓ નિયમિત આપવામાં આવે છે, છતાં એનિમિયા ઘટાડો દેખાતો નથી. નીચેના પૈકી કયું નિષ્કર્ષ સૌથી વધુ તર્કસંગત છે?

1. એનિમિયા પોષણના યોગ્ય જ્ઞાનના અભાવનું પરિણામ છે.
2. ગોળીનું વિતરણ એટલે પરિણામ માનવું યોગ્ય નથી.
3. ખોરાકની વિવિધતા અને અનુસરણ પણ જરૂરી છે.
4. માસિક આરોગ્ય અને કૃમિનાશક કામગીરીનો પણ સંબંધ હોઈ શકે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1 અને 2
B. ફક્ત 1, 2 અને 3
C. ફક્ત 2, 3 અને 4
D. ઉપરોક્ત બધા

71. બાળ સંરક્ષણ (Child Protection) અંગે નીચેના નિવેદનો વિચારો:

1. બાળ સંરક્ષણનો અર્થ માત્ર શારીરિક હિંસાથી સુરક્ષા નથી.
2. અવગણના (Neglect), શોષણ (Exploitation) અને માનસિક હિંસા (Emotional Abuse) પણ બાળ સંરક્ષણના મુદ્દા છે.
3. બાળ સંરક્ષણ પોલીસ વિભાગની જ જવાબદારી છે.
4. પરિવાર, સમાજ અને સરકાર ત્રણેયની ભૂમિકા મહત્વપૂર્ણ છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1 અને 2
B. ફક્ત 1, 2 અને 4
C. ફક્ત 2 અને 3
D. ઉપરોક્ત બધા

72. એક આંગણવાડી કેન્દ્રમાં પૂર્વ-શાલેય શિક્ષણ (Pre-School Education) દરમિયાન બાળકોને વારંવાર જવાબો યાદ કરાવવામાં આવે છે, પરંતુ પ્રશ્ન પૂછવા અથવા શોધખોળ (Exploration) માટે પ્રોત્સાહન આપવામાં આવતું નથી. આ પરિસ્થિતિનું સૌથી યોગ્ય વિશ્લેષણ કયું?
A. યાદશક્તિ આધારિત અભ્યાસ (Memorization) પ્રારંભિક શિક્ષણનો શ્રેષ્ઠ અભિગમ છે.
B. શોધખોળ, ચર્ચા અને પ્રશ્નોત્તરી વિના ક્ષમતા આધારિત શિક્ષણ (Competency-based Learning) મર્યાદિત થઈ શકે છે.
C. બાળકોને જવાબો યાદ હોય તો વિચારશક્તિ (Thinking Skills) આપમેળે વિકસે છે.
D. પૂર્વ-શાલેય શિક્ષણમાં વિચારશક્તિનો વિકાસ જરૂરી નથી.

73. નીચેના પૈકી કયા પરિબળો બાલિકાઓ (Girls)ના કિશોરાવસ્થા વિકાસ (Adolescent Development) પર અસર કરી શકે?

1. પોષણ સ્થિતિ (Nutritional Status)
2. શૈક્ષણિક તકો (Educational Opportunities)
3. લિંગ આધારિત માન્યતાઓ (Gender Norms)
4. આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા (Access to Health Services)

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1 અને 2

B. ફક્ત 1, 3 અને 4

C. ફક્ત 2, 3 અને 4

D. ઉપરોક્ત બધા

74. એક તાલુકામાં જન્મ સમયે ઓછા વજન (Low Birth Weight) ધરાવતા બાળકોનું પ્રમાણ વધારે છે. નીચેના પૈકી કયા પરિબળ આ સ્થિતિ સાથે સૌથી વધુ સંબંધિત હોઈ શકે?

1. માતાનું કુપોષણ (Maternal Malnutrition)
2. ગર્ભાવસ્થા પૂર્વે અને દરમિયાન આરોગ્ય સેવાઓનો અભાવ
3. કિશોરી અવસ્થામાં પોષણની ઉણપ
4. માત્ર બાળકના જન્મ પછી મળતો પૂરક પોષણ

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1 અને 2

B. ફક્ત 2 અને 3

C. ફક્ત 1, 2 અને 3

D. ઉપરોક્ત બધા

75. એક જિલ્લામાં માતા મૃત્યુદર ઘટી રહ્યો છે, પરંતુ નવજાત મૃત્યુદર (Neonatal Mortality) યથાવત રહે છે. RMNCH+A દૃષ્ટિકોણથી સૌથી યોગ્ય વિશ્લેષણ કયું ગણાય?

A. માતૃત્વ સેવાઓ સફળ હોવાથી વધુ કાર્યવાહી જરૂરી નથી

B. નવજાત શિશુ માટેની આરોગ્ય સંભાળ અને નવજાતના તબક્કા પ્રમાણેની જરૂરી સેવાઓમાં સુધારથી પરિણામ મળી રહેશે

C. માત્ર Information, Education and Communication (IEC) અને રસીકરણ વધારવાથી પરિણામ મળી રહેશે

D. માત્ર પ્રસૂતિ પૂર્વની સંભાળ (ANC Coverage) વધારવાથી પરિણામ મળી રહેશે

76. ICDS હેઠળ રસીકરણ સેવા મુખ્યત્વે કોના માટે આપવામાં આવે છે?

A. માત્ર ગર્ભવતી મહિલાઓ

B. માત્ર 3-6 વર્ષના બાળકો

C. 6 વર્ષ સુધીના બાળકો અને ગર્ભવતી/ધાત્રી માતાઓ

D. માત્ર કિશોર અને કિશોરીઓ

77. ICDS હેઠળ આરોગ્ય તપાસમાં નીચેમાંથી શું સામેલ નથી?

A. વજન માપન

B. કુપોષણની ઓળખ

C. હોસ્પિટલ આધારિત વિશેષ શસ્ત્રક્રિયા

D. કૃમિનાશક દવા આપવી

78. ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP), 2020 પ્રમાણેના નવા શાળાકીય માળખાના અમલ પછી હવેથી આંગણવાડી કાર્યકર્તા દ્વારા આપવામાં આવતી પૂર્વ-પ્રાથમિક શિક્ષણ સેવા બાળકોના કયા વયજૂથ માટે છે?

A. 1-3 વર્ષ

B. 3-5 વર્ષ

C. 6-14 વર્ષ

D. 3-6 વર્ષ

79. PM CARES for Children યોજના કયા બાળકો માટે છે?

A. માત્ર બાળ ખેલાડીઓના પ્રોત્સાહન માટે
B. માત્ર શહેરી બાળકો માટે
C. માત્ર અનાથ કિશોરીઓ માટે
D. કોવિડ-19 દરમિયાન માતા-પિતા ગુમાવનાર બાળકો માટે

80. બે વર્ષનું બાળક "બોલ (દડો)" શબ્દ બોલે છે અને બોલને ધક્કો મારીને આગળ ધપાવે છે. આ વર્તન કયા બે વિકાસ ક્ષેત્રોના સંકલનને દર્શાવે છે?

A. સામાજિક + નૈતિક
B. ભાષાકીય + શારીરિક/ચેષ્ટાત્મક
C. સંજ્ઞાનાત્મક + આવેગિક
D. ભાવનાત્મક + સર્જનાત્મક

81. નીચે પૈકી કઈ રમત 3-4 વર્ષના બાળકમાં ભાષા વિકાસ અને સામાજિક વિકાસ બંનેને સૌથી વધુ પ્રોત્સાહન આપે છે?

A. ભૂમિકા અભિનય
B. બ્લોક ગોઠવવા
C. દોરડું કૂદવું
D. તેને દડો ફેકવાનું કહેવા પર તે દડો ફેંકે

82. ચાર વર્ષનું બાળક રંગ, આકાર અને કદના આધારે વસ્તુઓને અલગ પાડતા શીખે છે. તે મુખ્યત્વે કયા બાળકના કયા વિકાસ સાથે સંબંધિત છે?

A. સામાજિક વિકાસ
B. ભાષાકીય વિકાસ
C. સંજ્ઞાનાત્મક વિકાસ
D. ભાવનાત્મક વિકાસ

83. નીચેના પૈકી કઈ પરિસ્થિતિમાં "રસીકરણની ચૂકાયેલી તક"(Missed Opportunity for Immunization) ગણાય?

A. રસી ઉપલબ્ધ હોય પણ માતાનકારે રસીકરણ પિતા-
B. રસી ઉપલબ્ધ ન હોય ત્યારે સત્ર મુલતવી રહે
C. બાળક સ્થળાંતર કરી જાય
D. યોગ્ય ઉંમરનો બાળક આરોગ્ય સંસ્થામાં આવે છતાં રસી ન અપાય

84. નીચેના પૈકી કઈ રસી સામાન્ય રીતે જન્મ સમયે (Birth Dose) આપવામાં આવે છે?

1. બી.સી.જી.
2. ઓ.પી.વી. ઝીરો ડોઝ
3. હિપેટાઈટીસ–બી જન્મ સમયનો ડોઝ
4. એમ.આર. રસી

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1 અને 2
B. ફક્ત 2 અને 3
C. ફક્ત 1, 2 અને 3
D. ઉપરોક્ત બધા

85. BCG રસી અંગે નીચેના પૈકી કયા નિવેદનો યોગ્ય છે?

1. ક્ષયરોગ (Tuberculosis) ના ગંભીર સ્વરૂપોથી રક્ષણ આપે છે.
2. જન્મ પછી વહેલી તકે આપવાની ભલામણ છે.
3. નવજાત મૃત્યુદર ઘટાડવામાં પરોક્ષ યોગદાન આપી શકે છે.
4. તે માત્ર 5 વર્ષની ઉંમરે આપવીની થાય છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1 અને 2
B. ફક્ત 1, 2 અને 3
C. ફક્ત 2 અને 4
D. બધા

86. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તથા વેદાંતા ફાઉન્ડેશનના સહયોગથી વિકસાવવામાં આવેલા આધુનિક મોડેલ આંગણવાડી કેન્દ્રોને બીજું કયું નામ આપવામાં આવ્યું છે?

A. નંદવિહાર
B. નંદઘર
C. બાળમંદિર
D. નંદનવન

87. નેશનલ ઈ.સી.સી.ઈ. પોલીસી મુજબ પૂર્વ-પ્રાથમિક શિક્ષણ દિવસના મહત્તમ કેટલો સમય આપવાનું નક્કી થયું છે?

A. 4 કલાક
B. 5 કલાક
C. 3 કલાક
D. 3.30 કલાક

88. નેશનલ ઈ.સી.સી.ઈ. પોલીસી ક્યારથી અમલમાં આવી?

A. 27 ઓગસ્ટ, 2013
B. 27 સપ્ટેમ્બર, 2014
C. 12 ઓક્ટોબર, 2013
D. 12 ઓક્ટોબર, 2014

89. પોતાના વારાની રાહ જોવી, વહેંચવું અને ભેગા મળીને પ્રવૃત્તિ કરવી આ કયા વિકાસની પ્રવૃત્તિ છે?

A. બૌદ્ધિક વિકાસ
B. ભાવનાત્મક વિકાસ
C. શારીરિક વિકાસ
D. સામાજિક વિકાસ

90. આંગણવાડી પૂર્વ પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમના દૈનિક સમયપત્રકમાં કઈ પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે?

A. ગીત, સંગીત, વાર્તા
B. ચર્ચા અને સર્જનાત્મક પ્રવૃત્તિ
C. અંદર-બહારની પ્રવૃત્તિ
D. ઉપરોક્ત તમામ

91. આંગણવાડી કાર્યકર માટે રમતો, વાર્તાઓ, ગીતો, પઝલ્સ અને પ્રવૃત્તિ આધારિત શીખવવાની સામગ્રીને કયા નામથી ઓળખાય છે ?

A. મારી વિકાસયાત્રા

B. પૂર્વ પ્રાથમિક અભ્યાસક્રમ ભાગ-2
C. શિક્ષણ-અધ્યયન સામગ્રી (Teaching Learning Material - TLM)
D. ઉપરમાંથી એક પણ નહી

92. આપણા દેશમાં બાળદિવસની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે?
A. 14 નવેમ્બર
B. 15 ડીસેમ્બર
C. 02 ઓક્ટોબર
D. ઉપરમાંથી એક પણ નહી

93. "પા પા પગલી" પ્રોજેક્ટનો હેતુ શું છે?
A. આંગણવાડીના 3 થી 5 વર્ષના બાળકોના સર્વાંગી વિકાસની દેખરેખ
B. આંગણવાડીના 3 થી 5 વર્ષના બાળકોની નિયમિત હાજરીમાં વધારો કરવો
C. આંગણવાડીના 90% બાળકોનો શાળા સજ્જતા સાથે બાલવાટિકા પ્રવેશ
D. ઉપરોકત તમામ

94. નીચેના પૈકી કયા નિવેદનો "વર્તણુક પરિવર્તન સંચાર (Behaviour Change Communication - BCC)" સાથે સુસંગત છે?
1. માત્ર માહિતી આપવી પૂરતી નથી.
2. વ્યક્તિને નવી પ્રથા અપનાવવા પ્રોત્સાહિત કરવું જરૂરી છે.
3. અનુસરણ (Follow-up) અને પુનરાવર્તિત સંદેશા (Repeated Messaging) મહત્વપૂર્ણ છે.
4. વર્તન પરિવર્તન માટે સામાજિક પરિબળો પણ અસરકારક હોઈ શકે છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1 અને 2
B. ફક્ત 2 અને 3
C. ફક્ત 1, 2, 3 અને 4
D. ફક્ત 3 અને 4

95. Mission Vatsalya ના અભિગમ સાથે નીચેના પૈકી કયા નિવેદનો વધુ સુસંગત છે?
1. જોખમગ્રસ્ત બાળકોની ઓળખ અને સહાય.
2. પરિવાર આધારિત સંભાળ (Family-based Care) ને પ્રોત્સાહન.
3. માત્ર સંસ્થાકીય સંભાળ (Institutional Care) પર ભાર.
4. બાળ સંરક્ષણ સેવાઓનું મજબૂતિકરણ.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1 અને 2
B. ફક્ત 2, 3 અને 4
C. ફક્ત 1, 2 અને 4
D. ઉપરોક્ત તમામ

96. નીચેના પૈકી કયા પરિબળો પૂર્વ-શાળાકીય શિક્ષણ (Pre-School Education) ની ગુણવત્તા વધારવામાં મદદરૂપ બની શકે?
1. બાળકો અને શિક્ષક વચ્ચે સકારાત્મક સંવાદ.
2. વય અનુરૂપ પ્રવૃત્તિઓ (Age-appropriate Activities).
3. માત્ર હાજરી વધારવા પર ધ્યાન.
4. રમતાં-શીખવાની તક (Play-based Learning Opportunities).

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1 અને 2

B. ફક્ત 1, 2 અને 4

C. ફક્ત 2 અને 4

D. ઉપરોક્ત તમામ

97. એક જિલ્લામાં NFHS (National Family Health Survey) મુજબ બાળ સ્ટન્ટિંગ (Stunting) ઊંચું છે, પરંતુ વેસ્ટિંગ (Wasting) નીચું છે. સૌથી યોગ્ય અર્થઘટન કયું?

A. લાંબાગાળાના પોષણ અને વિકાસ સંબંધિત પડકારો વધુ હોઈ શકે છે.

B. જિલ્લામાં હાલમાં ગંભીર પોષણ સંકટ છે.

C. સ્ટન્ટિંગ અને પોષણ વચ્ચે કોઈ સંબંધ નથી.

D. તમામ બાળકોનું વજન સામાન્ય કરતાં વધારે છે.

98. એક ગામમાં બાલિકાઓના શાળા છોડવાના (School Dropout) કેસ વધી રહ્યા છે. તપાસ દરમિયાન નીચેની બાબતો જાણવા મળે છે:

1. બાળલગ્ન (Child Marriage)
2. સુરક્ષિત પરિવહનનો અભાવ
3. સામાજિક માન્યતાઓ (Social Norms)
4. નજીકમાં શાળાની ઉપલબ્ધતા

નીચેના પૈકી કયો વિકલ્પ સૌથી વધુ યોગ્ય છે?

A. ફક્ત 1 અને 2

B. ફક્ત 2 અને 3

C. ફક્ત 1, 2 અને 3

D. ઉપરોક્ત તમામ

99. પોષણ (POSHAN) જન આંદોલનનો મુખ્ય હેતુ નીચેના વિકલ્પોમાંથી શું છે?

A. માત્ર પૂરક પોષણનું વિતરણ.

B. પોષણને લોકોનું જનઅંદોલન બનાવવું.

C. માત્ર સરકારી કર્મચારીઓને તાલીમ આપવી.

D. માત્ર આદિવાસી વિસ્તારોમાં પોષણ સેવાઓ પહોંચાડવી.

100. ગુજરાત રાજ્યમાં NEP, 2020 પ્રમાણેના નવા શાળાકીય માળખાના અમલ પછી બાલવાટિકા દ્વારા આપવામાં આવતી પૂર્વ-પ્રાથમિક શિક્ષણ સેવા બાળકોના કયા વયજૂથ માટે છે?

A. 2-3 વર્ષ

B. 3-5 વર્ષ

C. 3-6 વર્ષ

D. 5-6 વર્ષ

101. નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ "Gross Motor Development" માટે સૌથી વધુ યોગ્ય છે?

A. ચિત્ર રંગવું

B. દોરીમાં મણકા પરોવવા

C. દોડવું અને કૂદવું

D. પુસ્તક વાંચવું

102. વર્ષ 2007 માં શરૂ કરાયેલ મહિલાઓ અને બાળકોનું ગેરકાયદેસર જાતીય શોષણ, દેહવ્યાપાર અટકાવવા અને તેમનું પુનર્વસન કરવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કયો પ્રોજેક્ટ અમલમાં છે?

A. સ્વધાર ગૃહ પ્રોજેક્ટ
B. મહિલા શક્તિ કેન્દ્ર પ્રોજેક્ટ
C. મમતા સખી પ્રોજેક્ટ
D. ઉજ્જવલા પ્રોજેક્ટ

103. નીચેના પૈકી કયા નિવેદનો મહિલા સશક્તિકરણ (Women Empowerment)ના વ્યાપક અર્થને દર્શાવે છે?

1. નિર્ણય લેવામાં ભાગીદારી.
2. આર્થિક તકો સુધી પહોંચ.
3. શિક્ષણ અને કૌશલ્ય વિકાસ.
4. મહિલાઓની આવકમાં વધારો થવો.

નીચેના પૈકી કયો વિકલ્પ સૌથી વધુ યોગ્ય છે?

A. ફક્ત 1 અને 2
B. ફક્ત 2 અને 4
C. ફક્ત 1, 2 અને 3
D. ઉપરોક્ત તમામ

104. નીચેના પૈકી કયા નિવેદનો દત્તક ગ્રહણ (Adoption) અંગે યોગ્ય છે?

1. દત્તક ગ્રહણનો મુખ્ય હેતુ બાળકના શ્રેષ્ઠ હિતને સુનિશ્ચિત કરવો છે.
2. દત્તક ગ્રહણ માત્ર કાનૂની પ્રક્રિયા છે, બાળ વિકાસ સાથે તેનો સંબંધ નથી.
3. પરિવાર આધારિત સંભાળ બાળકના વિકાસ માટે મહત્વપૂર્ણ હોઈ શકે છે.
4. દત્તક ગ્રહણ પ્રક્રિયામાં નિયત કાનૂની જોગવાઈઓનું પાલન જરૂરી છે.

નીચેના પૈકી કયો વિકલ્પ સૌથી વધુ યોગ્ય છે?

A. ફક્ત 1 અને 2
B. ફક્ત 2, 3 અને 4
C. ફક્ત 1, 3 અને 4
D. ઉપરોક્ત તમામ

105. નીચેના પૈકી કઈ સ્થિતિ "લિંગ સમાનતા (Gender Equality)" ને સૌથી વધુ પ્રતિબિંબિત કરે છે?

A. છોકરાઓને શિક્ષણમાં પ્રથમ પ્રાથમિકતા આપવી.
B. છોકરીઓને સમાન તક, સંસાધનો અને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી આપવી.
C. છોકરીઓને માત્ર પ્રાથમિક શિક્ષણ સુધી મર્યાદિત રાખવી.
D. છોકરીઓ માટે માત્ર કલ્યાણ યોજનાઓ પૂરતી ગણવી.

106. ગર્ભાવસ્થા જાળવવા માટે સૌથી મહત્વપૂર્ણ હોર્મોન કયું છે?

A. ફોલિકલ ઉત્તેજક હોર્મોન (FSH)
B. લ્યુટિનાઇઝિંગ હોર્મોન (LH)
C. પ્રોજેસ્ટેરોન
D. ઓક્સીટોસીન

107. પ્રસૂતિ દરમિયાન ગર્ભાશયના સંકોચન (Uterine Contractions) માટે કયું હોર્મોન જવાબદાર છે?

A. ઓક્સીટોસીન
B. એસ્ટ્રોજન
C. ફોલિકલ ઉત્તેજક હોર્મોન (FSH)
D. હ્યુમન કોરિઓનિક ગોનાડોટ્રોપિન (hCG)

108. વિધાન: પ્રથમ 1000 દિવસ (First 1000 Days) માં કરવામાં આવેલા પોષણ હસ્તક્ષેપો (Nutrition Interventions) લાંબા ગાળાના માનવ વિકાસ (Human Development) માટે અત્યંત મહત્વપૂર્ણ છે.
કારણ: કારણ કે બાળકના મગજનો મોટો ભાગ અને શારીરિક વિકાસનો પાયો આ સમયગાળા દરમિયાન રચાય છે.
A. વિધાન ખોટું છે પરંતુ કારણ સાચું છે.
B. વિધાન અને કારણ બંને સાચા છે પરંતુ કારણ યોગ્ય સ્પષ્ટીકરણ કરતું નથી.
C. વિધાન સાચું છે પરંતુ કારણ ખોટું છે.
D. વિધાન અને કારણ બંને સાચા છે અને કારણ વિધાનનું યોગ્ય સ્પષ્ટીકરણ કરે છે.

109. એક CDPO ને નીચેની ચાર સમસ્યાઓ વિશે માહિતી મળે છે:
1. બે ગંભીર કુપોષિત (SAM) બાળકો મળ્યા છે.
2. એક આંગણવાડીમાં હાજરી ઓછી છે.
3. એક કેન્દ્રનો માસિક અહેવાલ મોડો આવ્યો છે.
4. એક ગામમાં કિશોરીઓમાં એનિમિયાનો દર વધ્યો છે.

જો કાર્યવાહી માટે માત્ર એક મુદ્દો પસંદ કરવાનો હોય, તો સૌથી વધુ પ્રાથમિકતા કોને આપવી જોઈએ?

A. મોડા અહેવાલને
B. ઓછી હાજરીને
C. ગંભીર કુપોષિત બાળકોને
D. એનિમિયા દરને

110. નીચેની કોલમ-અ ના વિકલ્પોને તેની સામેની કોલમ-બ ના યોગ્ય વિકલ્પો સામે જોડો:

| કોલમ-અ | કોલમ-બ |
|---|---|
| 1. પોષણ ટ્રેકર | a. બાળ સંરક્ષણ |
| 2. મિશન વાત્સલ્ય | b. એનિમિયા ઘટાડો |
| 3. ઈ.સી.સી.ઈ. | c. ડિજિટલ અનુસરણ |
| 4. એનીમિયા મુક્ત ભારત | d. પૂર્વ-શાળાકીય શિક્ષણ |

A. 1→a, 2→b, 3→c, 4→d
B. 1→b, 2→a, 3→d, 4→c
C. 1→c, 2→d, 3→a, 4→b
D. 1→c, 2→a, 3→d, 4→b

111. એક અધિકારી કહે છે કે "અમારા જિલ્લામાં તમામ બાળકોનું વજન દર મહિને માપવામાં આવે છે, એટલે કુપોષણ નિયંત્રણ હેઠળ છે." આ નિવેદનની સૌથી નબળી ધારણા (Weakest Assumption) કઈ છે?
A. વજન માપવું મહત્વપૂર્ણ છે.
B. વજન માપ્યા પછી કોઈ અનુસરણ (follow up) જરૂરી નથી.
C. ડેટા એકત્રિત કરવો જરૂરી છે.
D. બાળકોનું નિયમિત નિરીક્ષણ થવું જોઈએ.

112. નીચેના પૈકી કયો પ્રશ્ન કોઈ પોષણ કાર્યક્રમની વાસ્તવિક અસર (Impact) માપવા માટે સૌથી વધુ ઉપયોગી ગણાય?
A. કેટલા ડેટા આધારિત અહેવાલ ભરાયા અને મોકલાયા?
B. કેટલા અનુસરણ અને તાલીમ કાર્યક્રમો યોજાયા?
C. કેટલા બાળકોના પોષણ પરિણામોમાં સુધારો થયો?
D. કેટલા જાગૃતિકરણ માટેના પોસ્ટર લગાવાયા?

113. ભારતમાં માતા મૃત્યુનું નીચેના વિકલ્પોમાંથી મુખ્ય કારણ કયું છે?

A. રક્તઅલ્પતા (Anemia)

B. પ્રસૂતિ પછીનું અતિશય રક્તસ્ત્રાવ (Postpartum Hemorrhage)

C. શરીરમાં પાણીની ઉણપ (Dehydration)

D. આંચકી (Convulsion)

114. માતાના સ્તનમાં ફોલ્લો (Breast Abscess) થવાનું મુખ્ય કારણ શું છે?

A. કેલ્શિયમની ઉણપ

B. વિટામીન-ડી ની ઉણપ

C. આયર્નની ઉણપ

D. સ્તનશોથ (Mastitis)

115. શિશુ વિકાસ (Infant Development) દરમિયાન ભાષાકીય વિકાસ (Language Development) ના નીચેના સીમાચિહ્નો (Milestones) ને યોગ્ય ક્રમમાં ગોઠવો:

1. બે શબ્દો જોડીને સરળ વાક્ય બોલવાનો પ્રયાસ કરે છે.
2. કૂઈંગ (Cooing) અને અવાજો કાઢવાનું શરૂ કરે છે.
3. એકલ-દોકલ અર્થપૂર્ણ શબ્દો (Meaningful Single Words) બોલવાનું શરૂ કરે છે.
4. બાબલિંગ (Babbling) કરે છે જેમ કે "બા-બા", "મા-મા".

નીચેના પૈકી કયો વિકલ્પ સૌથી વધુ યોગ્ય છે?

A. 2 → 4 → 3 → 1

B. 4 → 2 → 3 → 1

C. 2 → 3 → 4 → 1

D. 3 → 2 → 4 → 1

116. આંગણવાડી કેન્દ્રમાં વૃદ્ધિ અનુસરણ (Growth Monitoring) અને વૃદ્ધિ પ્રોત્સાહન (Growth Promotion) પ્રક્રિયાના નીચેના તબક્કાઓને યોગ્ય ક્રમમાં ગોઠવો:

1. માતા સાથે પરામર્શ (Counselling) કરવું.
2. બાળકનું વજન અને ઊંચાઈ માપવું.
3. જોખમ ધરાવતા બાળકની ઓળખ કરવી.
4. જરૂરિયાત મુજબ અનુસરણ (Follow-up) અને જરૂરી રેફરલ (Referral) કરવું.

નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. 1 → 2 → 3 → 4

B. 3 → 2 → 1 → 4

C. 2 → 1 → 3 → 4

D. 2 → 3 → 1 → 4

117. બાળ સુરક્ષા (Child Protection) Case Management પ્રક્રિયાના તબક્કાઓને યોગ્ય ક્રમમાં ગોઠવો:

1. કેસનું મૂલ્યાંકન
2. કેસની ઓળખ
3. પુનર્વસન અને અનુસરણ (Rehabilitation & Follow-up)
4. તાત્કાલિક સુરક્ષા પગલાં

નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. 2 → 4 → 1 → 3

B. 1 → 2 → 4 → 3

C. 2 → 1 → 4 → 3

D. 4 → 2 → 1 → 3

118. એક તાલુકામાં નીચે દર્શાવેલ ચાર બાળકો અંગે માહિતી મળી છે:

1. ત્રણ વર્ષનું બાળક, જેનું વજન સામાન્ય છે પરંતુ છેલ્લા 6 મહિનાથી આંગણવાડીમાં આવતું નથી.
2. પાંચ વર્ષનું બાળક, જે નિયમિત આંગણવાડી આવે છે પરંતુ ખૂબ શરમાળ છે અને અન્ય બાળકો સાથે વાત કરતું નથી.
3. બે વર્ષનું બાળક, જે Moderate Acute Malnutrition (MAM)માં છે અને સ્થળાંતર (Migration) કરનાર પરિવાર સાથે રહે છે.
4. ચાર વર્ષનું બાળક, જે પૂર્વ-શાળાકીય પ્રવૃત્તિઓમાં ભાગ લે છે, પરંતુ ક્યારેક ગેરહાજર રહે છે.

જો સંસાધનો મર્યાદિત હોય અને એક બાળકને તાત્કાલિક અનુસરણ માટે પસંદ કરવો હોય તો સૌથી વધુ જોખમ ધરાવતું બાળક કયું?

A. બાળક 1 અને 4
B. બાળક 2 અને 4
C. બાળક 3
D. બાળક 4

119. એક અધિકારી દાવો કરે છે કે તેના જિલ્લામાં ECCE ની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે. નીચેના પૈકી કયો પુરાવો (Evidence) આ દાવાને સૌથી મજબૂત આધાર આપી શકે?

A. બાળકોના ભાષાકીય, સામાજિક અને જ્ઞાનાત્મક વિકાસના માપદંડોમાં સતત સુધારો નોંધાયો છે.
B. રમકડાં અને TLM લોકભાગીદારી/લોકફાળાથી ઉપલબ્ધ થયા છે.
C. આંગણવાડી કેન્દ્રોની મુલાકાતોની અને બાળકોની હાજરી વધી છે.
D. માસિક બેઠકઓની અને અનુસરણ સંખ્યા વધી છે.

120. નીચેના પૈકી ત્રણ પરિબળો મુખ્યત્વે "કારણ" (Determinants) છે અને એક "પરિણામ" (Outcome) છે. તો નીચેના વિકલ્પોમાંથી કયું પરિણામ છે?

A. માતાનું કુપોષણ
B. સ્વચ્છતાનો અભાવ
C. પૂરક આહારની અયોગ્ય પ્રથા
D. બાળકમાં સ્ટન્ટિંગ (Stunting)

121. એક CDPO પાસે માત્ર એક વધારાનો કર્મચારી ઉપલબ્ધ છે. તેને નીચે પૈકી કયા કાર્યમાં મૂકવાથી સૌથી વધુ લાંબા ગાળાનો પ્રભાવ થવાની શક્યતા છે?

A. Best Practicesનું દસ્તાવેજીકરણ અને પ્રસાર કરવું.
B. માસિક બેઠકના મિનિટ્સ લખવા.
C. ઉચ્ચ જોખમ ધરાવતી ગર્ભવતી મહિલાઓ અને SAM બાળકો માટે અનુસરણ વ્યવસ્થા મજબૂત કરવી.
D. જૂના રજીસ્ટરોની સમીક્ષા કરવી અને તેના ફોર્મેટમાં વ્યૂહાત્મક સુધારા કરવા.

122. કોઈ ગામમાં પોષણ સુધારણા માટે નીચેના પગલાં સૂચવવામાં આવ્યા છે:

1. જોખમ ધરાવતા બાળકોની ઓળખ
2. પોષણ સ્થિતિનું મૂલ્યાંકન
3. અનુસરણ (follow up) અને વર્તણુંક પરિવર્તન સહાય
4. જરૂરીયાત મુજબ રેફરલ (Referral)

સૌથી તર્કસંગત ક્રમ કયો?

A. 2 → 1 → 4 → 3
B. 2 → 1 → 3 → 4
C. 1 → 2 → 4 → 3
D. 1 → 3 → 2 → 4

123. એક અત્યંત ગરીબ પરિવારની ગર્ભવતી મહિલા માટે ગામની આરોગ્ય સમિતિ દ્વારા પોષણ યોજના બનાવવાની છે. પરિવાર દરરોજ દૂધ, ફળો અને મોંઘા પોષક પદાર્થો ખરીદી શકતો નથી. નીચેના પૈકી કયો અભિગમ આહાર આયોજન (Diet Planning) ના મૂળ સિદ્ધાંતો સાથે સૌથી વધુ સુસંગત છે?

A. ગરીબ પરિવારમાં ખાસ પોષણ સુધારણા શક્ય નથી.

B. માત્ર ગર્ભાવસ્થા દરમિયાન પોષક ખોરાકનું ધ્યાન રાખીને સમસ્યા નિવારી શકાય.

C. માત્ર આયર્ન-ફોલિક એસિડ (IFA) ગોળીઓને લીંબુના રસની સાથે લેવી પૂરતી છે.

D. સ્થાનિક ઉપલબ્ધ અનાજ, કઠોળ, લીલા શાકભાજી વગેરેના યોગ્ય સંયોજનથી સંતુલિત આહાર તૈયાર કરી સમસ્યા નિવારી શકાય.

124. નીચે પૈકી કયું નિવેદન સાચું છે?

1. International Day for the Elimination of Violence Against Women 25 નવેમ્બરે ઉજવાય છે.
2. 2025 ની થીમ “મહિલાઓ વિરુદ્ધ ડિજિટલ હિંસા સામે એકતા” પર આધારિત હતી.

નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. માત્ર 1 સાચું

B. માત્ર 2 સાચું

C. 1 અને 2 બંને સાચાં

D. બંને ખોટાં

125. એક ગર્ભવતી માતાએ ગર્ભાવસ્થાના 32 અઠવાડિયે બાળકને જન્મ આપ્યો. બાળકનું વજન ઓછું છે અને તે અપરિપક્વ (Premature) પ્રસુતિ છે. બાળરોગ નિષ્ણાત બાળકને વિશેષ સંભાળમાં રાખવાની સલાહ આપે છે. અપરિપક્વ બાળકને શરૂઆતમાં ક્યાં રાખવાની સલાહ આપવામાં આવે છે?

A. પારણામાં

B. ઈન્ક્યુબેટરમાં (Incubator)

C. કાંગારૂ કેરમાં

D. બેબી સ્ટ્રોલરમાં (Stroller)

126. શિશુને પૂરક આહાર (Complementary Feeding) શરૂ કરતી વખતે નીચેની ચાર પ્રથાઓમાંથી કઈ પ્રથા યોગ્ય નથી?

A. બાળકને ઘરનો તાજો અર્ધઘન આહાર આપવો.

B. બાળકને દરરોજ મીઠાં પીણાં અને પેકેટ નાસ્તા આપીને પેટ ભરવું.

C. બાળકને પરિવાર સાથે બેસાડી ખવડાવવું.

D. બાળકને નવી વસ્તુઓ ધીમે ધીમે પરિચિત કરાવવી.

127. એક શાળામાં મધ્યાહન ભોજન બાદ અનેક બાળકોને ઉલટી અને પેટમાં દુ:ખાવાની ફરિયાદ થાય છે. તપાસની શરૂઆતમાં નીચેનામાંથી કયો પ્રશ્ન સૌથી વધુ ઉપયોગી રહેશે?

A. છેલ્લા 24 કલાકમાં ઉપયોગમાં લેવાયેલા ખાદ્ય પદાર્થોના સ્ત્રોત અને સંગ્રહની સ્થિતિ શું હતી?

B. રસોઈયા કેટલા વર્ષથી કાર્યરત છે?

C. બાળકો કઈ રમતો રમતા હતા અને ક્યાં?

D. શાળામાં હાજરી કેટલી હતી અને ગેરહાજર બાળકોની સ્વાસ્થ્યની સ્થિતિ શું છે?

128. એક 4 વર્ષનું બાળક વારંવાર “કેમ?” તથા "શા માટે?", વગેરે પ્રકારના પ્રશ્નો પૂછે છે, આસપાસની વસ્તુઓનું નિરીક્ષણ કરે છે અને નવી બાબતો અજમાવવાનો પ્રયત્ન કરે છે. આ વર્તન મુખ્યત્વે શું દર્શાવે છે?

1. શિસ્તનો અભાવ (Lack of Discipline)
2. જ્ઞાનાત્મક ઉત્સુકતા (Cognitive Curiosity)
3. શોધખોળ આધારિત શીખવાની પ્રક્રિયા (Exploratory Learning).
4. સામાજિક અનુકરણ
5. વર્તન વિકાર.

નીચેના પૈકી કયો વિકલ્પ સૌથી વધુ યોગ્ય છે?
A. ફક્ત 1, 2, 3 અને 5
B. ફક્ત 2, 3 અને 5
C. ફક્ત 2 અને 3
D. ફક્ત 3, 4 અને 5

129. બેઝલ મેટાબોલિક રેટ (BMR) કઈ સ્થિતિમાં માપવામાં આવે છે?
A. સંપૂર્ણ આરામ અને ઉપવાસની સ્થિતિમાં
B. ભોજન કર્યા પછી તરત
C. ભારે કસરત દરમિયાન
D. દોડ્યા કે યોગાસન પછી

130. નીચેની ઘટનાઓમાંથી કઈ શ્રેણી બાળ કુપોષણના આંતરપેઢીય ચક્ર (Inter-generational Cycle) ને સૌથી સારી રીતે દર્શાવે છે?
A. કિશોરી કુપોષિત → સ્વસ્થ માતા → સ્વસ્થ બાળક
B. કિશોરી કુપોષિત → કુપોષિત ગર્ભવતી મહિલા → ઓછા વજનનું બાળક → વૃદ્ધિ અવરોધ (Stunting) નું જોખમ વધે
C. કિશોરી સ્વસ્થ → સ્વસ્થ ગર્ભવતી મહિલા → પુરા વજનનું સ્વસ્થ બાળક
D. ગર્ભવતી મહિલા સ્વસ્થ → બાળક કુપોષિત

131. પાંચ વર્ષનું બાળક રમકડાં અન્ય બાળકો સાથે વહેંચવા તૈયાર નથી અને વારંવાર "આ મારું છે" કહે છે. પૂર્વ-શાળાકીય વિકાસ (Pre-school Development)ના દૃષ્ટિકોણથી સૌથી યોગ્ય અર્થઘટન કયું?
A. બાળક ગંભીર વર્તન સમસ્યાથી પીડાતું હોઈ શકે છે.
B. આ ઉંમરે સ્વકેન્દ્રિતતા વિકાસનો સામાન્ય ભાગ હોઈ શકે છે.
C. બાળકને શિસ્તમાં લાવવાના પગલાં ભરી શકાય.
D. બાળક અન્ય બાળકો પ્રત્યે સંવેદનાની ઊણપથી પીડાતું હોઈ શકે છે.

132. એક શિક્ષક નોંધે છે કે બાળક અચાનક ખૂબ શાંત થઈ ગયું છે, શાળામાં આવવાનું ટાળે છે અને શરીર પર અસ્પષ્ટ ઈજાના નિશાન છે. સૌથી યોગ્ય પ્રાથમિક પ્રતિસાદ કયો?
A. માતા-પિતાને બોલાવીને વાત કરવી અને બાળકને તેમને સોંપી દેવું.
B. સંવેદનશીલ રીતે માહિતી એકત્રિત કરી બાળ સંરક્ષણ પ્રણાલી (Child Protection System) ને જાણ કરવી.
C. બાળકને સરપંચ તથા બીજા અગ્રણીઓને સોંપી દેવું.
D. બાળકને સંવેદનશીલતાથી સાંભળવું, નોંધ કરવી, સત્તાધિકારીને જાણ કરવી, તાત્કાલિક સુરક્ષા નિશ્ચિત કરવી અને બાળ સુરક્ષા તંત્રને રીફર કરવું .

133. એક ખાદ્ય કંપની નવા ફૂડ એડિટિવનો ઉપયોગ કરવા માંગે છે. કંપની દાવો કરે છે કે આ પદાર્થ લાંબા સમયથી ઉપયોગમાં છે અને તેના સલામત હોવાના પૂરતા વૈજ્ઞાનિક પુરાવા ઉપલબ્ધ છે. આવા પદાર્થને કઈ શ્રેણીમાં મૂકવામાં આવી શકે?
A. GMO (જિનેટિકલી મોડિફાઇડ ઓર્ગેનિઝમ) – આનુવંશિક રીતે ફેરફાર કરાયેલ સજીવ
B. GRAS (જનરલી રેકગ્નાઇઝ્ડ એઝ સેફ) – સામાન્ય રીતે સુરક્ષિત માનવામાં આવતો પદાર્થ
C. HACCP (હેઝર્ડ એનાલિસિસ એન્ડ ક્રિટિકલ કન્ટ્રોલ પોઈન્ટ) – ખાદ્ય સુરક્ષા જોખમ વિશ્લેષણ અને નિયંત્રણ પદ્ધતિ
D. RDA (રેકમેન્ડેડ ડાયેટરી એલાઉન્સ) – ભલામણ કરાયેલ દૈનિક પોષક તત્ત્વોની માત્રા

134. આહારના આયોજન (Meal Planning) માં કયા મુદ્દાઓને સૌથી વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે?

1. કુટુંબનું બજેટ
2. ખાદ્યપદાર્થની ઉપલબ્ધતા
3. સભ્યોની પોષણની જરૂરિયાત
4. ખોરાકની જાળવણી
5. જરૂરી દવાઓનો ઉપયોગ

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. 1, 2, 3, 5
B. 1, 4, 5
C. 1, 2, 3
D. 2, 3, 4

135. ઈ-મમતા કાર્ડમાં નીચે પૈકી મુખ્યત્વે કઈ સેવાઓનો સમાવેશ થાય છે?

1. ગર્ભવતી માતાની ANC અને PNC સેવા ટ્રેકિંગ
2. બાળકનું જન્મ વજન અને વૃદ્ધિ મોનિટરિંગ
3. કિશોરી આરોગ્ય અને પોષણ સેવાઓ
4. ગર્ભવતી માતાનું શિક્ષણ સ્તર

નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. માત્ર 1 અને 4
B. માત્ર 1, 2 અને 3
C. માત્ર 3 અને 4
D. 1, 2, 3 અને 4

136. નીચેમાંથી કઈ સ્થિતિ ઉચ્ચ જોખમવાળી ગર્ભાવસ્થા (High-Risk Pregnancy) ગણાય છે?

A. 30 વર્ષની પ્રથમ ગર્ભાવસ્થા
B. Hb - 11 g/dl
C. જોડિયા બાળગર્ભ
D. સામાન્ય BP

137. થેલેસેમિયા અંગે નીચેના પૈકી કયું નિવેદન સૌથી યોગ્ય છે?

A. હિમોગ્લોબિનની રચના સાથે સંકળાયેલો આનુવંશિક રક્તવિકાર છે, જે માતા-પિતાના જનીનો દ્વારા સંતાનમાં આવી શકે છે.
B. લાલ રક્તકણોને અસર કરતો રોગ છે, જે ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવવાથી ફેલાઈ શકે છે.
C. હિમોગ્લોબિનની ઊણપને કારણે થતો એવો રોગ છે, જે મુખ્યત્વે પોષણની ખામીથી થાય છે.
D. ગર્ભાવસ્થા દરમિયાન આયર્ન અને ફોલિક એસિડની ઊણપ રહે તો બાળકમાં થેલેસેમિયા વિકસી શકે છે.

138. Rashtriya Bal Swasthya Karyakram (RBSK) ના 4D Screening અભિગમનો મુખ્ય હેતુ નીચેના પૈકી કયા તત્ત્વોને સૌથી વધુ પ્રતિબિંબિત કરે છે?

1. વહેલી ઓળખ (Early Identification)
2. સમયસર હસ્તક્ષેપ (Early Intervention)
3. બાળકના સર્વાંગી વિકાસનું સંરક્ષણ
4. માત્ર રોગનું નિદાન (Diagnosis)

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1 અને 2
B. ફક્ત 1, 2 અને 3
C. ફક્ત 2, 3 અને 4
D. ઉપરોક્ત તમામ

139. એક ચાર વર્ષનું બાળક વારંવાર વાર્તા સાંભળવા માંગે છે અને પછી પોતાની રીતે નવી વાર્તા બનાવવાનો પ્રયત્ન કરે છે. આ વર્તન મુખ્યત્વે શું દર્શાવે છે?
A. જ્ઞાનાત્મક વિકાસ અને શારીરિક વિકાસ.
B. કલ્પનાશક્તિ અને ભાષાકીય વિકાસ.
C. શૈક્ષણિક અને ભાવનાત્મક વિકાસ.
D. અસામાન્ય વર્તન.

140. એક અધિકારી કહે છે કે "અમારા જિલ્લામાં ECCE સંપૂર્ણપણે સફળ છે." નીચેના પૈકી કઈ માહિતી આ દાવાને સૌથી વધુ પડકારશે?
A. તમામ કેન્દ્રો હાજરીની બાબતમાં થોડા અનિયમિત છે.
B. બાળકો થોડા અનિયમિત આવે છે.
C. શિક્ષકોનું ક્ષમતાવર્ધન આયોજન પ્રમાણે થયું નથી.
D. 5 વર્ષના મોટાભાગના બાળકોએ મૂળભૂત ભાષાકીય અને સામાજિક ક્ષમતાઓ હાંસલ કરી નથી.

141. નીચેના પૈકી ચિરંજીવી યોજનામાં આવરી લેવાતી સેવા કઈ નથી?
A. ઓપરેશન થિયેટર ખર્ચ
B. રક્ત ચઢાવવાની સેવા
C. પ્રસૂતિ બાદની સારવાર
D. ટેસ્ટ-ટ્યુબ બેબી પદ્ધતિ સારવાર

142. બાલ સખા યોજના મુખ્યત્વે કયા વયગાળાને ધ્યાનમાં રાખે છે?
A. જન્મથી 30 દિવસ
B. 1 થી 5 વર્ષ
C. 6 થી 14 વર્ષ
D. જન્મ પછીના 30 દિવસથી 6 મહિના

143. માતા મૃત્યુ (Maternal Death) ના 24 કલાકમાં કરવામાં આવતી સમીક્ષા પ્રક્રિયાના મુખ્ય સ્ટેપ્સ (Maternal Death Review - MDR) નીચેનામાંથી કયા છે?
1. મૃત્યુની તાત્કાલિક જાણ
2. પ્રાથમિક માહિતી એકત્રિત કરવી
3. મૃત્યુની પુષ્ટિ (Verification)
4. MDR ફોર્મ ભરવું અને પ્રારંભિક કારણોની ઓળખ
5. 24 કલાકની અંદર પ્રાથમિક રિપોર્ટ સબમિટ કરવો અને આગળની Facility Based Maternal Death Review (FBMDR) અથવા Community Based Maternal Death Review (CBMDR) માટે દસ્તાવેજોની પ્રક્રિયા હાથ ધરવી

સૌથી તર્કસંગત ક્રમ કયો?
A. 2 → 1 → 4 → 3 → 5
B. 2 → 1 → 3 → 4 → 5
C. 1 → 2 → 3 → 4 → 5
D. 1 → 3 → 2 → 4 → 5

144. . "Golden Minute" નો સંબંધ નીચેના વિકલ્પોમાંથી કયા વિકલ્પ સાથે સૌથી વધુ છે?
A. જન્મ પછીનું પ્રથમ સ્તનપાન
B. નવજાત પુનર્જીવન )Neonatal Resuscitation)
C. કંગારુ માતા સંભાળ (Kangaroo Mother Care)
D. જન્મ પછી નાળ (Umbilical Cord) કાપવાનો સમય

145. RKSK નું સંપૂર્ણ નામ શું છે?
A. રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ
B. રાષ્ટ્રીય કિશોરી સ્વાસ્થ્ય કાર્યક્રમ
C. રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યપ્રણાલી
D. રાષ્ટ્રીય કિશોરી સ્વાસ્થ્ય કાર્યપ્રણાલી

146. નીચેનામાંથી કયા વિકલ્પો Emotional Intelligence ના ઘટકો છે?
1. આત્મજાગૃતિ )Self-awareness)
2. સહાનુભૂતિ )Empathy)
3. ભાવનાત્મક નિયંત્રણ )Emotion control)
4. સામાજિક કુશળતા (Social Skills)

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1 અને 2
B. ફક્ત 1, 2 અને 3
C. ફક્ત 2, 3 અને 4
D. ઉપરોક્ત તમામ

147. કિશોરાવસ્થામાં મગજનો વિકાસ (Adolescent Brain Development) વિશે નીચેમાંથી કયું નિવેદન સાચું છે?
A. ભાવનાત્મક કેન્દ્રો (limbic system) અને નિર્ણય લેતું મગજ (prefrontal cortex) એકસાથે પરિપક્વ થાય છે.
B. કિશોરાવસ્થા દરમિયાન Prefrontal Cortex નો વિકાસ ચાલુ રહે છે, જે નિર્ણય ક્ષમતા અને આત્મનિયંત્રણને અસર કરે છે.
C. કિશોરોમાં જોખમ લેવાની વૃત્તિ મગજના વિકાસ સાથે સંબંધિત નથી.
D. કિશોરાવસ્થા દરમિયાન મગજની ન્યુરલ કનેક્ટિવિટી ઘટે છે.

148. ડિજિટલ (Digital) લતની કિશોરાવસ્થા (Adolescent) પર નીચેના વિકલ્પોમાંથી કઈ અસર જોવા મળે છે?
A. કિશોરોમાં સમય વ્યવસ્થાપન અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા સુધરે છે
B. ડિજિટલ ઉપકરણોના અતિ ઉપયોગથી ઊંઘમાં વિક્ષેપ, ચિંતા અને એકાગ્રતામાં ઘટાડો થાય છે
C. કિશોરાવસ્થામાં Brain Development સંપૂર્ણ રીતે અટકી જાય છે
D. ડિજિટલ લતથી કોઈ માનસિક કે શારીરિક અસર થતી નથી

149. સામાન્ય રીતે લોહતત્વ (Iron) ની ઉણપને લીધે થતો પાંડુરોગ (Anemia) કયા જૂથમાં જોવા મળે છે?
1. કિશોરીઓ
2. નાની વયના બાળકો
3. સગર્ભા સ્ત્રીઓ
4. વૃદ્ધ વ્યક્તિ

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. 1, 2, 3
B. 1, 2, 4
C. 2, 3, 4
D. 1, 3, 4

150. એક ગામમાં બાળ કુપોષણનું પ્રમાણ વધી રહ્યું છે. નીચેની કાર્યવાહીમાંથી કઈ સૌથી ઓછી ઉપયોગી છે?
A. વૃદ્ધિ અનુસરણ ડેટાનું વિશ્લેષણ
B. ઘર મુલાકાત
C. માતા પરામર્શ
D. માત્ર IEC માટે નવા બેનર લગાવવું

151. "માં અન્નપૂર્ણા યોજના" ગુજરાતમાં કોના માટે છે?
A. માત્ર ગર્ભવતી મહિલાઓ માટે
B. માત્ર 0-6 વર્ષના બાળકો માટે
C. પ્રાથમિકતા ધરાવતા અને ગરીબ અંત્યોદય પરિવારો માટે
D. માત્ર ધાત્રી માતાઓ માટે

152. "સક્ષમ આંગણવાડી" અને "પોષણ 2.0" કયા વર્ષે એકીકૃત કરવામાં આવ્યા?
A. 2019
B. 2021
C. 2023
D. 2017

153. એક 5 વર્ષનું બાળક માટી, પાંદડાં અને નાની ડાળીઓ વડે પોતે જ "ગામ" બનાવવાનો પ્રયત્ન કરે છે. શિક્ષકને તે બનાવટ કોઈ જાણીતી વસ્તુ જેવી લાગતી નથી. સૌથી યોગ્ય શૈક્ષણિક પ્રતિસાદ કયો?
A. બાળકને ગામના તૈયાર મોડેલના ચિત્રો બતાવી તેની રચનામાં જરૂરી સુધારા કરાવવા.
B. બાળકને તેની રચના વિશે સમજાવવા પ્રોત્સાહિત કરવું અને તેના વિચારો, કલ્પનાઓ તથા પસંદગીઓ વિશે ખુલ્લા પ્રશ્નો પૂછવા.
C. બાળકની રચનાની અન્ય બાળકોના મોડેલ સાથે સરખામણી કરીને વધુ વાસ્તવિક બનાવવાની સલાહ આપવી.
D. બાળકની રચનાને અધૂરી હોવાથી તેને વધુ ઓળખી શકાય તેવી વસ્તુ બનાવવાનું સૂચન કરવું.

154. નીચેના પૈકી કઈ સ્થિતિ બાળકના "ભાગીદારીના અધિકાર" (Participation Right) નું શ્રેષ્ઠ ઉદાહરણ છે?
A. વર્ગખંડના નિયમો શિક્ષક એકલા નક્કી કરે છે અને વિદ્યાર્થીઓને માત્ર તેનું પાલન કરવાનું કહે છે.
B. વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો અને યુનિફોર્મ આપવામાં આવે છે.
C. શાળાની પ્રવૃત્તિઓનું આયોજન કરતી વખતે વિદ્યાર્થીઓના સૂચનો અને મંતવ્યો માંગવામાં આવે છે અને તેમને યોગ્ય મહત્વ આપવામાં આવે છે.
D. વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને હિંસા-મુક્ત શાળા વાતાવરણ સુનિશ્ચિત કરવામાં આવે છે.

155. બાલભોગ (Balbhog) જેવી શાળા પોષણ યોજનાઓનો સૌથી મહત્વપૂર્ણ વિકાસલક્ષી હેતુ કયો ગણાય?
A. તે મુખ્યત્વે ભૂખની તાત્કાલિક સમસ્યાનું નિવારણ કરતી કલ્યાણકારી યોજના છે.
B. તે પોષણ, આરોગ્ય, શૈક્ષણિક હાજરી, શીખવામાં સક્રિય ભાગીદારી અને બાળકોના વિકાસને પ્રોત્સાહન આપતી યોજના છે.
C. તે શાળામાં પ્રવેશ વધારવા માટેનો વહીવટી ઉપાય છે.
D. તે માત્ર આર્થિક રીતે નબળા પરિવારોને ખાદ્ય સહાય પહોંચાડવાનો કાર્યક્રમ છે.

156. નીચેની કઈ ઘટના "સતત વિકાસ (Continuous Development)" ના સિદ્ધાંતને સૌથી વધુ દર્શાવે છે?
A. બાળક શરૂઆતમાં થોડા શબ્દો બોલે છે, પછી નાના વાક્યો બનાવે છે અને સમય જતાં વધુ જટિલ ભાષાનો ઉપયોગ કરવા લાગે છે.
B. 6 વર્ષની ઉંમરે બાળક એક જ અઠવાડિયામાં વાંચન અને લેખનની તમામ કુશળતાઓ પ્રાપ્ત કરી લે છે.
C. બાળકને એક સ્પર્ધામાં ઇનામ મળ્યા પછી તરત જ તેની તમામ સામાજિક કુશળતાઓ વિકસી જાય છે.
D. બાળકનો વિકાસ અલગ-અલગ ક્ષેત્રોમાં કોઈ ક્રમ કે સતતતા વગર થાય છે.

157. બાળ વિકાસના સંદર્ભમાં કાર્યાત્મક રમત (Functional Play) મુખ્યત્વે શું દર્શાવે છે?
A. પુનરાવર્તિત શારીરિક ક્રિયાઓ અને વસ્તુઓના સરળ ઉપયોગ દ્વારા સંવેદનાત્મક તથા ગતિશીલ કુશળતાઓનો અભ્યાસ.
B. પ્રતીકો અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને નવી ભૂમિકાઓનું નિર્માણ.
C. સામગ્રીને ગોઠવી, જોડીને અથવા રૂપાંતરિત કરીને અર્થપૂર્ણ રચનાઓ બનાવવી.
D. સામાજિક નિયમો, વ્યૂહરચનાઓ અને સ્પર્ધાત્મકતા આધારિત રમતોમાં ભાગ લેવો.

158. "મારા વ્યવસાયમાં નફો કમાવા કરતાં પોતાના નિર્ણયો સ્વતંત્ર રીતે લેવાની તક મારા માટે વધુ મહત્વની છે". આ નિવેદન મુખ્યત્વે કઈ પ્રેરણા દર્શાવે છે?
A. બેરોજગારી અથવા આર્થિક મુશ્કેલીને કારણે વ્યવસાય શરૂ કરવાની ફરજિયાત પ્રેરણા. (Push Factor)
B. માત્ર જીવનનિર્વાહ માટે આવક મેળવવાની જરૂરિયાત આધારિત પ્રેરણા. (Survival Motivation)
C. સ્વાયત્તતા, આત્મસંતોષ અને પોતાની પસંદગી મુજબ કાર્ય કરવાની આંતરિક ઈચ્છા આધારિત પ્રેરણા. (Psychological Pull Factor)
D. બજારમાં વધતી સ્પર્ધા અને ગ્રાહક દબાણને કારણે લેવાયેલો વ્યવસાયિક નિર્ણય. (Market Pressure)

159. રમત દરમિયાન બાળક કહે છે, *"હવે આ નિયમ બદલાઈ ગયો છે, કારણ કે હું એમ કહું છું."* જ્યારે અન્ય બાળકો અસહમત થાય છે, ત્યારે તે માને છે કે તેઓ ખોટા છે. આ વર્તન કઈ વિચારશૈલીનું ઉદાહરણ છે?
A. તર્કસંગત વિચાર (Logical Reasoning)
B. આત્મકેન્દ્રિત વિચાર (Egocentric Thinking)
C. નૈતિક નિર્ણયક્ષમતા (Moral Reasoning)
D. અમૂર્ત વિચાર (Abstract Thinking)

160. એક 5 વર્ષના બાળકને પૂર્વ-શાળીય કેન્દ્રમાં વારંવાર બોલવાની તક આપવામાં આવતી નથી કારણ કે તે "નાનું છે". નીચેનામાંથી કયા અધિકારનું સૌથી વધુ હનન થાય છે?
A. વિકાસનો અધિકાર
B. નાગરિકત્વનો અધિકાર
C. ઓળખનો અધિકાર
D. સહભાગીદારીતાનો અધિકાર

161. શિશુ પ્રથમ વખત અજાણી વ્યક્તિને જોઈને અસ્વસ્થતા દર્શાવે છે. આ વર્તન સામાન્ય રીતે નીચેના વિકલ્પોમાંથી કઈ બાબતનું સૂચક છે?
A. સામાજિક (social) વિકાસની સમસ્યા
B. જોડાણ (Attachment) અને ઓળખ વિકાસનો સામાન્ય તબક્કો
C. મગજના વિકાસની સમસ્યા
D. શારીરિક બીમારી

162. સગર્ભાવસ્થામાં લોહતત્વની ઉણપ સિવાય પાંડુરોગ (Anemia) થવાનું બીજું ફિઝિયોલોજિકલ કારણ કયું છે?
A. લોહીમાં લિપિડ પ્રોફાઈલનો બદલાવ
B. ઉલ્ટીઓ થવી

C. હિમોડાયલ્યુશન (Hemodilution)
D. પ્લાઝ્મા જથ્થો ઓછો થવો

163. માનવ શરીરમાં સૌથી વધુ પ્રમાણમાં મળી આવતું ખનીજતત્વ કયું છે?
A. લોહતત્વ
B. કેલ્શિયમ
C. સોડિયમ
D. ઝીંક

164. નીચેના પૈકી કયા પીણાંની પાશ્ચુરાઈઝેશનની પદ્ધતિ દ્વારા જાળવણી કરવામાં આવે છે?
1. દૂધ
2 કાર્બોનેટેડ જ્યુસ
3. ટેટ્રાપેક જ્યુસ
4. કોફી

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. 1, 2, 3
B. 2, 3,4
C. 1, 3, 4
D. 1, 2, 4

165. જો કોઈ સમાજમાં મહિલાઓ પાસે શિક્ષણ છે પરંતુ નિર્ણય શક્તિ નથી, તો શું સાચું છે?
A. શિક્ષણ મળવાથી સ્વયંસ્ફૂર્ત રીતે સંપૂર્ણ સશક્તિકરણ પ્રાપ્ત થાય છે
B. માળખાકીય અસમાનતા કારણે નિર્ણય શક્તિમાં અસંતુલન યથાવત રહે છે.
C. આર્થિક ભાગીદારી વધવાથી જાતીય સમાનતા પૂર્ણ થાય છે
D. સામાજિક સમાનતા માત્ર શિક્ષણ સુધી મર્યાદિત છે

166. ગુજરાતમાં સૌથી વધુ મહિલા દૂધ સહકારી મંડળીઓ કયા ડેરી નેટવર્ક સાથે જોડાયેલી જોવા મળે છે?
A. રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (National Dairy Development Board (NDDB))
B. રાષ્ટ્રીય કૃષિ સહકારી માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (National Agricultural Cooperative Marketing Federation of India Limited (NAFED))
C. ગુજરાત રાજ્ય સહકારી ઉદ્યોગ સંઘ લિમિટેડ (Gujarat State Federation of Cooperative Industries Limited (GUJFCI))
D. ગુજરાત સહકારી દૂધ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (Gujarat Cooperative Milk Marketing Federation Limited (GCMMF))

167. મહિલા સશક્તિકરણનો સીધો સંબંધ કયા Sustainable Development Goal (SDG) સાથે છે?
A. SDG – 1
B. SDG – 3
C. SDG – 5
D. SDG – 13

168. પોષણ સર્વેક્ષણ દરમિયાન MUAC (Mid-Upper Arm Circumference) માપનો ઉપયોગ મુખ્યત્વે નીચેના વિકલ્પોમાંથી શેના માટે થાય છે?
A. 6 મહિનાથી નાના બાળકોમાં તીવ્ર કુપોષણ (Acute Malnutrition) ના મૂલ્યાંકન માટે
B. 6–59 મહિનાના બાળકોમાં તીવ્ર કુપોષણ (Acute Malnutrition) ના મૂલ્યાંકન માટે
C. 12–35 મહિનાના બાળકોમાં તીવ્ર કુપોષણ (Acute Malnutrition) ના મૂલ્યાંકન માટે
D. જન્મથી 12 મહિનાના બાળકોમાં તીવ્ર કુપોષણ (Acute Malnutrition) ના મૂલ્યાંકન માટે

169. ભારતીય બંધારણના અનુચ્છેદ 39(e) મુજબ રાજ્યનું મુખ્ય કર્તવ્ય શું છે?

A. દરેક 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ આપવું

B. કામદારોની સ્વાસ્થ્ય અને શક્તિનો દુરુપયોગ ન થાય તથા બાળકો આર્થિક મજબૂરીના કારણે તેમની ઉંમર કે શક્તિને અનુરૂપ ન હોય તેવા વ્યવસાયોમાં જવા માટે મજબૂર ન થાય

C. બાળકોને સ્વસ્થ વિકાસ, સ્વતંત્રતા અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં વિકાસની તક આપવી તથા શોષણથી રક્ષણ આપવું

D. તે માત્ર મહિલાઓના કલ્યાણ સાથે સંબંધિત છે

170. નીચેના પૈકી કઈ જોગવાઈ ભારતીય બંધારણના અનુચ્છેદ 39(f) સાથે સૌથી વધુ સંબંધિત છે?

A. દરેક 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ આપવું

B. કામદારોની સ્વાસ્થ્ય અને શક્તિનો દુરુપયોગ ન થાય તથા બાળકો આર્થિક મજબૂરીના કારણે તેમની ઉંમર કે શક્તિને અનુરૂપ ન હોય તેવા વ્યવસાયોમાં જવા માટે મજબૂર ન થાય

C. બાળકોને સ્વસ્થ વિકાસ, સ્વતંત્રતા અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં વિકાસની તક આપવી તથા શોષણથી રક્ષણ આપવું

D. તે માત્ર મહિલાઓના કલ્યાણ સાથે સંબંધિત છે

171. નીચેના UN ના ટકાઉ વિકાસના લક્ષ્યો (Sustainable Development Goal (SDG)) પૈકી કયા બે લક્ષ્યો બાળ પોષણ સાથે સૌથી સીધી રીતે જોડાયેલા છે?

1. SDG No. 2
2. SDG No. 3
3. SDG No. 11
4. SDG No. 14

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1 અને 2

B. ફક્ત 1 અને 3

C. ફક્ત 2 અને 3

D. ઉપરોક્ત બધા

172. SDG No – 4 (Quality Education) ના સંદર્ભમાં ECCE (Early Childhood Care and Education) નું મુખ્ય યોગદાન શું છે?

A. માત્ર પ્રાથમિક શાળામાં પ્રવેશ દર વધારવો

B. બાળકોમાં યાદશક્તિ આધારિત અભ્યાસ ક્ષમતા વધારવી

C. ગુણવત્તાયુક્ત અને સમાન પ્રારંભિક શિક્ષણની તક ઉપલબ્ધ કરાવવી

D. માત્ર બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણની સુવિધા આપવી

173. એક ECCE કેન્દ્રમાં બધા બાળકોને એકસરખી પ્રવૃત્તિ કરાવવામાં આવે છે, ભલે તેમની ક્ષમતામાં તફાવત હોય. આ સ્થિતિ મુખ્યત્વે કયા સિદ્ધાંતની અવગણના કરે છે?

A. સમાવેશક અને વિકાસને અનુરૂપ યોગ્યતનો સિદ્ધાંત

B. માત્ર લખાણ આધારિત શિક્ષણ પર ભાર આપવો

C. શિક્ષકને ઘણા બધા બાળકો પર ધ્યાન આપવાની હોવાથી કામગીરી પ્રમાણે ભારણનો સિદ્ધાંત

D. પરીક્ષા આધારિત મૂલ્યાંકનનો સિધ્ધાંત

174. જો કોઈ 9 વર્ષનું બાળક ધોરણ-3 સુધી પહોંચે પરંતુ મૂળભૂત વાંચન કૌશલ્ય વિકસાવતું નથી, તો RTE Act 2009 ના હેતુઓના દૃષ્ટિકોણથી નીચેના વિકલ્પોમાંથી કઈ બાબત વધુ ઉપયુક્ત ગણાય?

A. બાળક શાળામાં નિયમિત હાજર રહે છે એટલે શિક્ષણનો હેતુ પૂર્ણ થયો ગણાય

B. પ્રવેશ (Access) પ્રાપ્ત થયો છે એટલે કોઈ શૈક્ષણિક ચિંતા રહેતી નથી

C. શૈક્ષણિક પ્રાપ્તિ અને શિક્ષણના અધિકાર વચ્ચેનો સંબંધ નબળો પડ્યો ગણાય

D. બાળકની ઉંમર ધોરણ મુજબ યોગ્ય નથી

175. બાળ અધિકારના સંદર્ભમાં "Best Interest of the Child" નો સિદ્ધાંત મુખ્યત્વે કઈ સંસ્થામાંથી ઉદ્ભવ્યો છે?

A. રાજ્યના નીતિ-નિર્દેશક સિદ્ધાંતો(Directive Principles of State Policy (DPSP))

B. બાળ અધિકારો અંગેનો સંયુક્ત રાષ્ટ્ર સંમેલન, 1989 (United Nations Convention on the Rights of the Child, 1989)

C. પંચાયતી રાજ અધિનિયમ, 1992 (Panchayati Raj Act, 1992)

D. સર્વ શિક્ષા અભિયાન માર્ગદર્શિકા (Sarva Shiksha Abhiyan Guidelines)

176. કુપોષણના આંતરપેઢી (Intergenerational) ચક્રમાં પ્રથમ કડી કઈ ગણાય?

A. આર્થીક ગરીબ પરિવાર

B. સ્ટન્ટેડ બાળક

C. ગર્ભવતી માતા

D. કુપોષિત કિશોરી

177. Right of Children to Free and Compulsory Education Act 2009 હેઠળ "No Detention Policy" સંબંધિત મૂળભૂત સુધારો કયા સંશોધન દ્વારા કરવામાં આવ્યો હતો?

A. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020

B. 86મો બંધારણીય સુધારો

C. 93મો બંધારણીય સુધારો

D. RTE (શિક્ષણનો અધિકાર) સુધારા અધિનિયમ, 2019

178. બાળમજૂરી નાબૂદી અંગેના કાયદાકીય માળખામાં 'બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમ, 2016' ની સૌથી મહત્વની વિશેષતા કઈ છે?

A. તે 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના તમામ વ્યવસાયોમાં રોજગાર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકે છે.

B. તે માત્ર જોખમી ઉદ્યોગોમાં જ બાળમજૂરી પર પ્રતિબંધ મૂકે છે.

C. તે પરિવારના વ્યવસાયમાં બાળકોના કામકાજને સંપૂર્ણપણે ગેરકાયદેસર ઠેરવે છે.

D. તે 18 વર્ષ સુધીના કિશોરોને જોખમી પ્રક્રિયાઓમાં કામ કરવાની મંજૂરી આપે છે.

179. "સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળું બાળક (Child in Need of Care and Protection)" ની વ્યાખ્યા નીચેના વિકલ્પોમાંથી કયા વિકલ્પમાં આપવામાં આવી છે?

A. ICDS યોજના માર્ગદર્શિકા

B. RTE (શિક્ષણનો અધિકાર) અધિનિયમ, 2009

C. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને રક્ષણ) અધિનિયમ, 2015 (Juvenile Justice (Care and Protection of Children) Act 2015)

D. પોષણ અભિયાન માર્ગદર્શિકા (POSHAN Abhiyaan Guidelines)

180. ભારતમાં બાળ અધિકારોના રક્ષણ અને સુરક્ષા માટેની સર્વોચ્ચ વૈધાનિક સંસ્થા (Statutory Body) કઈ છે?

A. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (National Human Rights Commission (NHRC))

B. રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ (National Commission for Protection of Child Rights (NCPCR))

C. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (Ministry of Women and Child Development)

D. નીતિ આયોગ (NITI Aayog)

181. બાળ અધિકારોના વૈશ્વિક માળખા અંતર્ગત "સહભાગીદારીતાનો અધિકાર" (Right to Participation) નો સર્વોચ્ચ અર્થ શું છે?

A. બાળકને તેના જીવનને અસર કરતી તમામ બાબતોમાં પોતાના મંતવ્યો વ્યક્ત કરવાનો અને નિર્ણય પ્રક્રિયામાં તેને સાંભળવામાં આવવાનો અધિકાર.
B. બાળકને માત્ર પ્રાથમિક શિક્ષણ અને સામાજિક સુરક્ષા મેળવવાનો અધિકાર.
C. બાળકને બાલશ્રમમાંથી મુક્તિ અને સુરક્ષિત વાતાવરણમાં વિકાસ કરવાનો અધિકાર.
D. બાળકને તમામ બાબતોની નિર્ણય પ્રક્રિયામાં સહભાગી થવાનો અધિકાર.

182. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ હેઠળ 6 થી 14 વર્ષની વયના તમામ બાળકો માટે 'મફત અને ફરજિયાત શિક્ષણ'ને મૂળભૂત અધિકાર (Fundamental Right) તરીકે માન્યતા આપવામાં આવી છે?
A. અનુચ્છેદ 19
B. અનુચ્છેદ 45
C. અનુચ્છેદ 21-A
D. અનુચ્છેદ 51-A

183. “બાળ-મૈત્રીપૂર્ણ ન્યાય વ્યવસ્થા (Child-friendly justice system)” મુખ્યત્વે કયા કાયદા સાથે સંબંધિત છે?
A. ભારતીય દંડ સંહિતા અને ફોજદારી પ્રક્રિયા સંહિતા
B. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, 2015
C. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009
D. બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમ, 2016

184. કાર્યસ્થળે મહિલાઓને યૌન ઉત્પીડન (Sexual Harassment) સામે કાયદેસર સુરક્ષા આપવા માટે કઈ મુખ્ય વ્યવસ્થા લાગુ પડે છે?
A. ફક્ત ભારતીય દંડ સંહિતા (IPC) હેઠળની ફોજદારી જોગવાઈઓ
B. બાળકોને જાતીય ગુનાઓથી સુરક્ષા આપતો કાયદો, 2012 (Protection of Children from Sexual Offence Act, 2012)
C. Right of Children to Free and Compulsory Education Act 2009 હેઠળની શાળા સુરક્ષા જોગવાઈઓ
D. Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition and Redressal) Act 2013 હેઠળની આંતરિક ફરિયાદ સમિતિ (ICC) અને ફરિયાદ નિવારણ વ્યવસ્થા

185. Mahila E-Haat નો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?
A. મહિલાઓને તેમની ઉત્પાદિત વસ્તુઓ અને સેવાઓ વેચવા માટે ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડવું
B. મહિલાઓ માટે મફત આરોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવવી
C. મહિલાઓ માટે શિક્ષણ અને કૌશલ્ય તાલીમ પોર્ટલ ચલાવવું
D. પોલીસ ફરિયાદ નોંધાવવા માટે ઓનલાઈન સિસ્ટમ સ્થાપિત કરવી

186. Anganwadi 2.0 નો નીચેના વિકલ્પોમાંથી મુખ્ય હેતુ કયો છે?
A. મહિલાઓ માટે રોજગાર સર્જન અને ઔદ્યોગિક તાલીમ આપવી
B. માત્ર શાળાઓમાં ડિજિટલ ટેકનોલોજી દ્વારા મધ્યાહ્ન ભોજન યોજના વિસ્તૃત કરવી
C. ડિજિટલ ટેકનોલોજી દ્વારા ECCE (Early Childhood Care and Education) ને મજબૂત બનાવવું તથા પોષણ સેવાઓમાં સુધારો કરવો
D. ડિજિટલ ટેકનોલોજી દ્વારા મિશન શક્તિની સેવાઓનો વ્યાપ બહોળો બનાવવો

187. નિપુણ ભારત મિશન (NIPUN Bharat Mission) નો મુખ્ય હેતુ શું છે?
A. ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ અને સંશોધન ક્ષમતાનો વિકાસ કરવો
B. ધોરણ – 3 સુધીના બાળકોમાં મૂળભૂત વાંચન, લેખન અને ગણિત ક્ષમતા સુનિશ્ચિત કરવી
C. રાષ્ટ્રીય સુરક્ષા માટે સૈન્ય તાલીમ આપવી
D. ગૃહ ઉદ્યોગોમાં મહિલાઓને નિપુણ બનાવવી અને ગ્રામિણ વિકાસને પ્રોત્સાહન આપવું

188. નીચેના નિવેદનો ધ્યાનમાં લો:

1. RTE Act માત્ર શાળા પ્રવેશની ખાતરી આપે છે.
2. RTE Act ગુણવત્તાયુક્ત અને મફત શિક્ષણ સાથે સંબંધિત છે.
3. RTE Act હેઠળ રાજ્યની જવાબદારી માત્ર શાળાનું મકાન અને સુવિધાઓ પૂરતી મર્યાદિત છે.
4. RTE Act નો ઉદ્દેશ્ય શિક્ષણ સુધી સમાન પહોંચ વધારવાનો છે.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:
A. ફક્ત 1 અને 3
B. ફક્ત 2 અને 4
C. ફક્ત 1, 2 અને 4
D. ઉપરોક્ત તમામ

189. જો કોઈ પુખ્ત વ્યક્તિને એસ્કોરબીક એસિડની ઉણપ સર્જાય તો તે નીચેના પૈકી કયું લક્ષણ અનુભવશે?
A. પેઢામાંથી લોહી નીકળવું
B. સાંધા કડક થઈ જવા
C. તાવ આવવો
D. મૂત્રપિંડ પર સોજા આવવા

190. SHe-Box Portal નો મુખ્ય હેતુ શું છે?
A. બાળકીઓમાં પોષણ સ્થિતિનું મોનિટરિંગ અને કુપોષણ ઘટાડવું
B. મહિલાઓ માટે આરોગ્ય વીમા વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી
C. શિક્ષણ ક્ષેત્રમાં બાળકીઓની પ્રવેશ પ્રક્રિયા સરળ બનાવવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી
D. કાર્યસ્થળે મહિલાઓ સામે થતા યૌન ઉત્પીડન સંબંધિત ફરિયાદો માટે ઓનલાઈન નિવારણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી

191. એક 10 વર્ષીય બાળકીએ શિક્ષકને જણાવ્યું કે પડોશમાં રહેતા તેના કાકા તેને અયોગ્ય રીતે સ્પર્શ કરે છે અને બાળકીએ વિનંતી કરી કે "કોઈને કહેતા નહીં". શિક્ષકનો સૌથી યોગ્ય પ્રતિભાવ નીચેનામાંથી કયો હોવો જોઈએ?
A. બાળકની ઈચ્છાનું માન રાખીને વાત ગુપ્ત રાખવી અને બાળકીને હિમ્મત આપવી.
B. બાળકને સમજાવી અને માં-બાપને સાથે રાખી યોગ્ય બાળ સુરક્ષા અને કાનૂની પ્રણાલીને જાણ કરવી.
C. પ્રથમ તેના કાકા સાથે સીધી ચર્ચા કરવી.
D. બાળકને સમાજિક સોહાર્દને ધ્યાને રાખી માફ કરી દેવા બાળકીને કહેવું.

192. WHO ની Screen Time Guidelines 2019-2021 પ્રમાણે 3 વર્ષથી નાની વયના બાળકો માટે Screen time સંદર્ભે નીચેના વિકલ્પોમાંથી કયો વિકલ્પ સાચો છે?
A. 1 કલાક શૈક્ષણિક હેતુ માટે
B. 30 મિનિટ દૈનિક મનોરંજન હેતુ માટે
C. 0 (શૂન્ય)
D. કોઈ માપદંડ નથી

193. APGAR (Appearance, Pulse, Grimace, Activity, Respiration) સ્કોર પર નવજાત શિશુનું આકલન ક્યારે કરવામાં આવે છે
A. જન્મ સમયે
B. જન્મ પછી 1 મિનિટ અને 5 મિનિટે
C. 10 મિનિટે
D. દૈનિક

194. જો કોઈ જિલ્લો ECCE, માતૃત્વ પોષણ, કિશોરી આરોગ્ય અને બાળ સુરક્ષા પર એકીકૃત રીતે કામ કરે, તો તે મુખ્યત્વે કયા UN ના Sustainable Development Goal (SDG) ને એકસાથે અસર કરી શકે?

1. SDG No– 2
2. SDG No – 3
3. SDG No – 4
4. SDG No – 5
5. SDG No – 16

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 1, 2, 4 અને 5
B. ફક્ત 1, 2 અને 5
C. 1, 2, 3 અને 4
D. ઉપરોક્ત તમામ

195. ગામના સરપંચની પત્ની ગર્ભવતી છે, પરંતુ તેની નોંધણી (Registration) પાંચમા મહિને આંગણવાડી કાર્યકરના ધ્યાને આવવાથી થાય છે. એક લોક-પ્રતિનિધિ અને જવાબદાર પિતા તરીકે, આ નિર્ણયથી તે કઈ કઈ 'ક્રિટીકલ' સેવાઓ અને તકો ગુમાવી છે?

1. પ્રથમ 12 અઠવાડિયામાં બાળકના મગજ અને કરોડરજ્જુના વિકાસ માટે અનિવાર્ય એવા 'ફોલિક એસિડ' ના સેવનની સુવર્ણ તક.
2. વહેલી તપાસ દ્વારા હાઈ-રિસ્ક પ્રેગ્નન્સી (ઉચ્ચ જોખમી ગર્ભાવસ્થા) ના ચિહ્નોને ઓળખવાની અને સમયસર સારવાર મેળવવાની તક.
3. ICDS (આંગણવાડી) અને આરોગ્ય વિભાગ દ્વારા અપાતી શરૂઆતની તમામ સેવાઓ અને પરામર્શ (Counselling) મેળવવાનો અધિકાર.
4. ગામના અન્ય લોકો માટે 'વહેલી નોંધણી' ના મહત્વનો દાખલો બેસાડવાની સામાજિક અને નૈતિક જવાબદારી.
5. ગર્ભાવસ્થાના શરૂઆતના મહિનાઓમાં મળવાપાત્ર સરકારી નાણાકીય સહાય (જેમ કે PMMVY કે કસ્તુરબા પોષણ સહાય યોજના) નો સમયસર લાભ.

નીચેના વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો:

A. ફક્ત 2, 3 અને 5
B. ફક્ત 1, 2, 3 અને 5
C. 1, 2, 3 અને 4
D. ઉપરોક્ત તમામ

196. કઠોળ (Pulses) માં સામાન્ય રીતે કયા આવશ્યક એમિનો એસિડની ઉણપ જોવા મળે છે?

A. વેલીન
B. મિથિયોનાઈન (Methionine)
C. લ્યુસિન (Leucine)
D. લાયસીન (Lysine)

197. એક જિલ્લામાં નીચે મુજબની સ્થિતિ છે:

| સૂચકાંક | પરિણામ |
|---|---|
| ઘર મુલાકાતો | 92% |
| THR કવરેજ | 99% |
| Growth Monitoring | 89% |
| Stunting | 39% |
| ચેપી રોગોનું પ્રમાણ | 5% |

ઉપરોક્ત ડેટા પરથી નીચેનામાંથી સૌથી મજબૂત પ્રારંભિક નિષ્કર્ષ કયો?

A. ઘર મુલાકાતો વધારી દેવી જોઈએ

B. અમલીકરણ અને અસર (Impact) વચ્ચે ગુણવત્તા સંબંધિત અંતર હોઈ શકે છે.

C. Stunting માત્ર આનુવંશિક છે એટલે તમામ સેવાઓ સફળ છે.

D. હવે મોનીટરીંગ 'જરૂરીયાત આધારિત' પુરતું માર્યાદિત કરી શકાય.

198. એક જિલ્લામાં શાળાએ જતા બાળકોમાં દ્રષ્ટિ સંબંધિત તકલીફો વધારે છે. નીચેના પૈકી કયો વિકલ્પ રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમના હેતુ સાથે સૌથી વધુ સુસંગત ગણાય?

A. શાળા આધારિત દ્રષ્ટિ ચકાસણી, વહેલી ઓળખ અને સમયસર રેફરલ કરવું.

B. વિટામીન-A યુક્ત ખોરાક વિષે ગ્રામ્યકક્ષાએ જાગૃતિ લાવવી.

C. ગામ આરોગ્યના કેમ્પમાં આંખના નંબર ચકાસી લેવા.

D. ચશ્મા ખરીદવા અને ગંભીર દર્દીઓને હોસ્પિટલમાં મોકલવા.

199. એક શિક્ષક શીખવાની પ્રવૃત્તિઓ, રમત આધારિત અનુભવો, મૂલ્યાંકન અને બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને આયોજન કરે છે. NCF-FS 2022 ના દૃષ્ટિકોણથી નીચેનામાંથી સૌથી ઉપયુક્ત વિકલ્પ કયો છે?

A. પાઠ્યપુસ્તક-કેન્દ્રિત શિક્ષણ

B. અભ્યાસક્રમની વ્યાપક સમજણ

C. મૂલ્યાંકન આધારિત શિક્ષણ

D. વિષયકેન્દ્રિત અભિગમ

200. બાળલગ્નો નિવારવાના લાંબાગાળાના નીચેના વિકલ્પોમાંથી કયો વિકલ્પ સૌથી શ્રેષ્ઠ અને અસરકારક છે?

A. પોક્સો (POCSO) કાયદાનું અમલીકરણ

B. લીવ-ઈન રીલેશનશિપને કાયદેસર માન્યતા

C. તમામ સ્તરે શિક્ષણ

D. ગરીબ પરિવારોને આર્થિક મદદ